# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૮ * અંક-૯ * મે, ૨૦૨૪



## પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૩૫મો જન્મ-જયંતિ મહોત્સવ

હે જ્ઞાનગગન વિહારી
ગુરુવર !
અમ આંગણે
પધારો....બિરાજો...
સદા સાન્નિધ્ય હો....

## આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જો સિદ્ધાલય હૈ વહ દેહાલય હૈ અર્થાત્ જૈસા સિદ્ધલોકમેં બિરાજ રહા હૈ વૈસા હી હંસ (આત્મા) ઈસ ઘટ (દેહ)મેં બિરાજમાન હૈ. ૩૬.

(શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ-૧, ગાથા-૨૫)

● યહ આત્મા પરમાત્માકે સમાન હૈ. દોનોંકે સ્વભાવમેં નિશ્ચયસે કોઈ અંતર નહીં હૈ. યહ આત્મા પરમાનંદમેં કલ્લોલ કરનેવાલા હૈ. પરમાત્મા પરમ શુદ્ધ હૈ. રાગાદિ રહિત વીતરાગ હૈ, કર્મમલ રહિત નિર્મલ હૈ તથા અવિનાશી હૈ. ૩૭.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૯)

● દેહદેવળમાં તું પોતે શિવ વસે છે અને તું તેને બીજા દેવળમાં ઢૂંઢે છે ! અરે, સિદ્ધપ્રભુ ભિક્ષા માટે ભમી રહ્યા છે—એ દેખીને મને હાસ્ય (આશ્ચર્ય) થાય છે. ૩૮.

(શ્રી મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા-૧૮૬)

● પરમાત્મદેવ દેહમાં સ્થિત હોવા છતાં પણ જે દેવને બીજે ગોતે છે તે મૂઢબુદ્ધિ ઘરમાં ભોજન તૈયાર હોવા છતાં પણ ભિક્ષા માટે બહાર ભટકે છે તેમ હું માનું છું. ૩૯. (શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, નિર્જરા અધિકાર શ્લોક-૨૨)

● જિનદેવ દેહ-દેવાલયમેં વિરાજમાન હૈં. પરંતુ જીવ (ઈંટ પત્થરોંકે) દેવાલયોમેં ઉનકે દર્શન કરતા હૈ—યહ મુજે કિતના હાસ્યાસ્પદ માલૂમ હોતા હૈ યહ બાત ઐસી હી હૈ જૈસે કોઈ મનુષ્ય સિદ્ધ હો જાનેપર ભિક્ષાકે લિયે ભ્રમણ કરે. ૪૦.

(શ્રી યોગીન્દ્રદેવ, યોગસાર, ગાથા-૪૩)


● જે ભગવાન આત્માના કેવળ સ્મરણમાત્રથી પણ જ્ઞાનરૂપી તેજ પ્રગટ થાય છે, અજ્ઞાનરૂપ અંધકારનો વિનાશ થાય છે તથા કૃત્કૃત્યતા એકાએક જ આનંદપૂર્વક પોતાના મનમાં પ્રગટ થઈ જાય છે, તે ભગવાન-આત્મા આ જ શરીરમાં બિરાજમાન છે તેનું શીઘ્ર અન્વેષણ કરો. બીજી જગ્યાએ (બાહ્ય પદાર્થો તરફ) કેમ દોડી રહ્યાં છે? ૪૧.　　(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી-પંચવિંશતિ, ધર્મોપદેશામૃત-શ્લોક-૧૪૧)

● નિશ્ચયનયસે દેખા જાવે તો યહ મેરા આત્મા ભાવકર્મ, દ્રવ્યકર્મ, નોકર્મ રહિત શુદ્ધ હૈ. મેરા આત્મા હી શુદ્ધાત્મા હૈ. ઈસ દેહકે ભીતર વિરાજમાન હૈ તથાપિ મૂર્તિક દેહ રહિત અમૂર્તિક હૈ. યહ મેરા આત્મા હી નિશ્ચયસે પરમાત્મા હૈ. ૪૩.

(શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૪૪)

વર્ષ–૧૮
અંક–૯
વિ. સંવત
૨૦૮૦
May
A.D. 2024



## “જૈન ગગનમાં સુવર્ણના સૂર્યનો ઉદય”

# ‘સુવર્ણનો સૂર્ય’ અને એનો દિવ્ય પ્રકાશ

(આજથી ૧૩૫ વર્ષ પહેલાં...વૈશાખ સુદ બીજને રવિવારે)

જૈનશાસનના પુનિત ગગનમાં આજે એક ચકચકતા ચૈતન્યભાનુનો ઉદય થયો... આજે સુવર્ણનો સૂર્ય ઊગ્યો.

જૈન ગગનભાનુ કહાન ગુરુદેવની પવિત્ર મુદ્રા ચૈતન્ય તેજથી ચળકી રહી છે, આનંદમય સુપ્રભાત ત્યાં શોભી રહ્યું છે, અને એ સૂર્યનાં વચન-કિરણો આત્મિકશૌર્યના ઝગઝગાટથી ભવ્યજીવોને માટે મુક્તિનો માર્ગ પ્રકાશિત કરી રહ્યા છે. તે સૂર્યકિરણો અપૂર્વ ચમક ભરેલાં ને શૌર્યપ્રેરક છે, વિભાવોના પડદાને ભેદીને અંદરના પરમાત્મસ્વરૂપને તે પ્રકાશિત કરે છે, અને તે પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે જીવના શૌર્યને ઊછાળે છે કે અરે જીવ ! તારો આત્મા નમાલો કે તુચ્છ નથી પણ સિદ્ધ પરમાત્મા જેવા પૂર્ણ સામર્થ્યવાળો પ્રભુ છે... એના લક્ષે તારા આત્મવીર્યને ઊપાડ. અહો, જે જ્ઞાનભાનુના એક વચનકિરણમાં પણ આટલું આત્મતેજ પ્રકાશી રહ્યું છે, તો અંતરમાં તે જ્ઞાનભાનુનો ઝગમગાટ કેવો દિવ્ય આનંદમય હશે !! ખરેખર જ્ઞાનભાનુ ગુરુદેવે પોતાના દિવ્ય જ્ઞાનપ્રકાશવડે જૈનશાસનના આકાશને ઝગમગાવ્યું છે અને ઘોર અજ્ઞાનઅંધકારને દૂર કરીને આનંદમય સુપ્રભાત ખીલાવ્યું છે.

હે સાધર્મી બંધુઓ ! ચાલો, સુપ્રભાતના એ સોનેરી સૂર્યને ભક્તિ-દીપકથી સન્માનીએ અને એનાં દિવ્યકિરણોને ઝીલીને આત્મામાં જ્ઞાનપ્રકાશ પ્રગટાવીએ.

**જૈનશાસનરૂપી આકાશમાં દિવ્ય પ્રકાશ કરીને આનંદમય સુપ્રભાત ફેલાવતો**
**આ ચૈતન્યભાનુ સદા જાજ્વલ્યમાન રહો. જૈન ગગનનો**
**આ સોનેરી સૂરજ સહસ્ર કિરણોથી સદા મુક્તિમાર્ગને પ્રકાશ્યા કરો....**

# આ છે ગુરુદેવની જન્મભૂમિ જ્યાં આનંદનો જન્મ થયો છે



આ વૈશાખ સુદ બીજ એ પૂજ્ય ગુરુદેવશ્રીના જન્મનો મંગલદિવસ! આ આનંદ પ્રસંગે, પૂ. ગુરુદેવના જ શ્રીમુખથી નીકળેલું આનંદની જન્મભૂમિ દર્શાવતું પ્રવચન આપતાં અમને આનંદ થાય છે.

'ભગવાન પરમાત્માના સુખના અભિલાષી જીવને શુદ્ધઅંતઃતત્ત્વના આનંદનું જન્મભૂમિસ્થાન જે નિજ શુદ્ધજીવાસ્તિકાય તેનાથી ઊપજતું જે પરમશ્રદ્ધાન તે જ સમ્યગ્દર્શન છે.' જુઓ, આ આત્માના આનંદનું જન્મભૂમિસ્થાન! આમાં સમ્યગ્દર્શનની અલૌકિક વ્યાખ્યા છે. આત્માના આનંદનું જન્મભૂમિસ્થાન જે શુદ્ધજીવાસ્તિકાય તેમાંથી જ સમ્યગ્દર્શન ઊપજે છે, ક્યાંય બહારના આશ્રયથી સમ્યગ્દર્શન ઊપજતું નથી.

આ ભગવાન પરમાત્મા પોતે અતીન્દ્રિય સુખનો સાગર છે, તે પરમાત્માના સુખનો જે અભિલાષી છે એવા જીવને સમ્યગ્દર્શન થાય છે તેની આ વાત છે; સમ્યગ્દર્શન થતાં જ તેને આનંદના વિલાસનો જન્મ થાય છે. તે આનંદનું જન્મભૂમિસ્થાન ક્યું ?—કે પોતાનો શુદ્ધ જીવસ્વભાવ જ તે આનંદની ઉત્પત્તિનું જન્મભૂમિસ્થાન છે. આવા શુદ્ધ આત્માની પરમ શ્રદ્ધા કરવી તે જ સમ્યગ્દર્શન છે.

સમ્યગ્દર્શન થતાં જ, ભગવાન સિદ્ધ પરમાત્માને જેવું સુખ છે તેવા જ સુખનો અંશ સમકિતીને પોતાના વેદનમાં-સ્વાદમાં આવી જાય છે; અહો! મારા અસંખ્ય પ્રદેશે આનંદનો જન્મ થયો!! મારા આત્માના અસંખ્ય પ્રદેશો આવા જ આનંદથી ભરપૂર છે.—આવી અંતર્મુખ પ્રતીત તે સમ્યગ્દર્શન છે. અતીન્દ્રિય આનંદની ઉત્પત્તિનું ધામ એવી જે શુદ્ધ જીવસત્તા તેની નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે.

પોતાનું અસંખ્યપ્રદેશી શુદ્ધજીવાસ્તિકાય તે શુદ્ધ અંતર્તત્ત્વના વિલાસનું-આનંદનું જન્મભૂમિસ્થાન છે,—પણ કોને તે આનંદનો જન્મ થાય?—કે જે જીવ ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી છે તેને; જેને ઈન્દ્રિય વિષયોની કે પુણ્યની મીઠાસ નથી પણ શુદ્ધ તત્ત્વના આનંદની જ અભિલાષા છે એવો જીવ અંતર્મુખ થઈને આનંદનો અનુભવ કરે છે. શક્તિમાંથી આનંદનો નવો જન્મ થાય છે. આ આનંદની ઉત્પત્તિની જન્મભૂમિ કઈ?—નિજ શુદ્ધજીવાસ્તિકાય અસંખ્યપ્રદેશી તે જ આત્માના આનંદની જન્મભૂમિ છે.

જુઓ, આ જન્મભૂમિ! પેટમાં હોય તેમાંથી જન્મ થાય, તેમ આત્માના અંતરપેટમાં આનંદસ્વભાવ ભર્યો છે તેમાંથી જ આનંદનો જન્મ થાય છે. અરે જીવ બહારમાં તારો આનંદ નથી, તારો આત્મા જ તારા આનંદની જન્મભૂમિ છે. અંતરના આનંદના વિલાસનું ઉત્પત્તિસ્થાન પોતાનું શુદ્ધ પરમાત્મતત્ત્વ જ છે. તેનાથી ઊપજતી જે પરમ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. અહો! આવું સમ્યગ્દર્શન થતાં આત્માના પ્રદેશે પ્રદેશે આનંદનો જન્મ થયો, અસંખ્ય પ્રદેશો સુખમાં ડુબી ગયા. આનંદનું જન્મધામ અસંખ્યપ્રદેશી નિજ પરમાત્મ તત્ત્વ તે જ સમ્યગ્દર્શનનું કારણ છે. આમાં એ વાત પણ આવી કે સમ્યગ્દર્શન થતાં આવા આનંદનો જન્મ થાય છે, અસંખ્ય પ્રદેશે અંશે શુદ્ધતા પ્રગટી જાય છે. અંતરસ્વભાવના આશ્રયે જે સમ્યક્શ્રદ્ધા પ્રગટી તેને 'પરમ શ્રદ્ધાન' કહીને અહીં મોક્ષમાર્ગનું નિશ્ચય સમ્યગ્દર્શન બતાવવું છે. અંતરમાં આવી દશા પ્રગટ કરે ત્યારે તો ચોથા ગુણસ્થાનનો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ થાય, ને તેને ધર્મની શરૂઆત થાય. આવા નિશ્ચય સમ્યગ્દર્શન વગર મોક્ષમાર્ગની કે ધર્મની શરૂઆત પણ થતી નથી.

સમ્યગ્દર્શન થવાની લાયકાતમાં અહીં 'ભગવાન પરમાત્માના સુખનો અભિલાષી જીવ' લીધો છે. મૂઢ અજ્ઞાની જીવો શરીરનું સુખ, કુટુંબનું સુખ, ખાવા પીવાનું સુખ, પૈસાનું સુખ,—એમ ઈન્દ્રિય વિષયોમાં સુખ માને છે, પણ 'ભગવાન પરમાત્માનું સુખ' કેવું હોય તેને જાણતા પણ નથી. બાહ્ય વિષયો વિનાનું પરમ-આત્મિક સુખ.....આત્માનું અતીન્દ્રિય સુખ...તેની જેને અભિલાષા છે એવા જીવને આનંદની જન્મભૂમિરૂપ પોતાના શુદ્ધ આત્માની શ્રદ્ધા વડે સમ્યગ્દર્શન થાય છે.....ને એ સમ્યગ્દર્શન થતાં અપૂર્વ આનંદનો જન્મ થાય છે. આ રીતે આનંદની જન્મભૂમિમાંથી આનંદનો જન્મ થાય એ કર્તવ્ય છે.

'જય હો.... એ આનંદભૂમિમાં જન્મેલા અતીન્દ્રિય આનંદનો.....'


'જય હો.....એ આનંદભોક્તા સદ્‌ગુરુદેવનો.....'

પ્રભુ! આ વિશ્વમાં ઉત્તમમાં ઉત્તમ પદાર્થ આત્મા છે અને એવો સર્વોત્તમ આપણને બતાવ્યો તેમના ઉપકારનું કથન જ જ્યાં બની શકતું નથી ત્યાં તેમના અસીમ ઉપકારના પ્રત્યુપકાર વાળવાનું કાર્ય તો અસંભવિત જ હોય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ જેમ અમ ભક્તોને અમારા હૃદયમાં સર્વોત્કૃષ્ટ સ્થાને બિરાજમાન આપશ્રી પ્રત્યે કૃતજ્ઞતાની ઉગ્ર ભાવનાથી વધુ ને વધુ અર્પણતા આવે છે તેમ તેમ અમ ભક્તો ઉપર આપશ્રીનો અસીમ ઉપકાર વધતો જ જાય છે.—આવી ભાવના પૂર્વક, આજના આ ૧૩૫મી જન્મજયંતીના મંગલ દિને શ્રદ્ધાભક્તિથી કોટિ કોટિ વંદન.

—મુમુક્ષુ સમાજ વતી સંપાદક



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા—૩૨૦ જયસેનાચાર્ય ટીકા ઉપર પ્રવચન) (ગતાંકથી આગળ)

## * અક્રિય વસ્તુમાં સમસ્ત ક્રિયાનો અભાવ *

એવી રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે 'निष्क्रियः शुद्धपारिणामिकः' અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? (શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા-રાગાદિ પરિણતિ, તે-રૂપ પણ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવના પરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે? કારણ કે ધ્યાન વિનશ્વર છે (અને શુદ્ધ-પારિણામિકભાવ તો અવિનાશી છે). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે 'ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ । जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ ॥' (અર્થાત્ હે યોગી! પરમાર્થે જીવ ઉપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી—એમ શ્રી જિનવર કહે છે.) —ગુજરાતી ટીકા

આત્માનો જે ત્રિકાળી પારિણામિક ધ્રુવસ્વભાવ તેમાં તો મોક્ષનું કારણ નથી, જે દ્રવ્યવસ્તુ છે તે મોક્ષનું કારણ નથી, કારણ કે તે તો અક્રિય વસ્તુ છે. મોક્ષામાર્ગનું જે પરિણમન થાય, દ્રવ્યમાં ડોકિયું કરતાં—દ્રવ્યમાં દૃષ્ટિ કરતાં જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમન થાય તે પર્યાય છે, તે પર્યાય મોક્ષનું કારણ છે, વસ્તુ મોક્ષનું કારણ નથી, વસ્તુ તો ધ્રુવ છે.

શ્રી જયસેનાચાર્ય કહે છે કે ધવલાદિ સિદ્ધાંતમાં ક્યાંક કહ્યું છે કે ત્રિકાળી ધ્રુવવસ્તુ ઉત્પાદ-વ્યય વિનાની નિષ્ક્રિય છે, તેમાં મોક્ષના માર્ગની કે બંધમાર્ગની ક્રિયાઓ નથી. દ્રવ્ય છે તે અક્રિય છે, ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ્ સત્ વસ્તુમાં ઉત્પાદ-વ્યય વિનાની જે ધ્રુવવસ્તુ છે તે અક્રિય છે તેથી કોઈ પરિણમન, બદલવું કે મોક્ષમાર્ગની ક્રિયા તેમાં નથી. જે વસ્તુ છે તે નિષ્ક્રિય છે, અક્રિય છે અને જે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે ક્રિયા છે. જે ધ્રુવ વસ્તુ છે તેના ઉપર દૃષ્ટિ નાખતાં સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્રરૂપ, વીતરાગી પરિણમન છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે, અને એ નિશ્ચય મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે.

હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;<br>
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.

પરમાગમ<br>
શ્રી નિયમસાર

જિનેશ્વરદેવ એમ કહે છે કે સ્વરૂપનો અનુભવ થઈને પ્રતીતિ થવારૂપ સમ્યક્દર્શન, સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપ-આચરણરૂપ જે નિશ્ચય મોક્ષમાર્ગ કે જે અપૂર્વદશા છે તે પણ વ્યવહાર છે, કેમકે પર્યાય છે તે વ્યવહાર છે અને દ્રવ્ય છે તે નિશ્ચય છે. દ્રવ્ય છે તે અક્રિય છે અને તે નિશ્ચય છે તથા નિશ્ચય મોક્ષમાર્ગને સાધવો તે વ્યવહાર છે કેમકે તે પર્યાય છે.

ભગવાન પૂર્ણાનંદનો નાથ તો નિષ્ક્રિય છે અર્થાત્ શુદ્ધ-પારિણામિકભાવ નિષ્ક્રિય છે. ધ્રુવ કાયમી ટકતું તત્ત્વ, ઉત્પાદ-વ્યય વિનાનું નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે શું ?–જડની ક્રિયા ન કરી શકે માટે નિષ્ક્રિય ?—નિષ્ક્રિયનો અર્થ શું ?—કે પુણ્ય-પાપના ભાવ જે બંધના કારણની ક્રિયા છે તે ક્રિયાથી રહિત છે માટે નિષ્ક્રિય છે. બંધના કારણની ક્રિયારૂપ રાગાદિની પરિણતિ તે પારિણામિકભાવમાં નથી, તે ક્રિયા પર્યાયમાં છે. પારિણામિકભાવને ભગવાન રાગાદિની પરિણતિથી રહિત છે, સમ્યગ્દર્શનનું ધ્યેય જે નિષ્ક્રિય દ્રવ્ય-વસ્તુ છે તે રાગાદિની બંધની ક્રિયાથી—પરિણતિથી રહિત છે.

## ધ્યેયરૂપ નિષ્ક્રિય ધ્રુવમાં બંધ-મોક્ષના કારણભૂત ક્રિયાનો અભાવ

બંધના કારણરૂપ ક્રિયા-રાગાદિ પરિણતિ, તે-રૂપ પારિણામિકભાવ નથી, સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તે રાગાદિની ક્રિયાથી રહિત છે અને મોક્ષના કારણભૂત જે ક્રિયા–શુદ્ધભાવનારૂપ પરિણતિ, ત્રિકાળી ધ્રુવ સ્વભાવની ભાવનારૂપ દશા, નિર્મળ પર્યાય તે મોક્ષના કારણભૂત ક્રિયા છે તે પણ દ્રવ્યમાં નથી; સમ્યગ્દર્શનની ક્રિયા દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે પણ તેમાં સમ્યગ્દર્શનની ક્રિયા નથી. આમ તો મોક્ષ અને બંધના પરિણામથી પણ રહિત દ્રવ્ય છે, પણ અત્યારે દ્રવ્યને નિષ્ક્રિય બતાવવું છે તેથી બંધના કારણભૂત ક્રિયા અને મોક્ષના કારણભૂત ક્રિયા ધ્રુવમાં નથી તેમ કહ્યું છે.

મોક્ષના કારણભૂત જે ક્રિયા, કઈ ક્રિયા ?–કે શુદ્ધભાવની પરિણતિ–પુણ્ય-પાપની પરિણતિ વિનાની વીતરાગી પરિણતિ તે મોક્ષના કારણભૂત ક્રિયા છે. ધ્રુવના ધ્યેયે પ્રગટેલી પરિણતિરૂપ ક્રિયા તે પણ દ્રવ્યમાં નથી.

બંધના કારણભૂત દયા, દાનના પરિણામરૂપ ક્રિયા છે તે દ્રવ્યમાં નથી અને મોક્ષના કારણભૂત શુદ્ધ પરિણતિરૂપ જે ક્રિયા છે તે ક્રિયા પણ દ્રવ્યસ્વભાવમાં નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ, પારિણામિકભાવ ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી. ત્રિકાળી નિજાનંદ પ્રભુ સમ્યગ્દર્શનના ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી; સમ્યગ્દર્શન, જ્ઞાન,

હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.

ચારિત્રમાં ત્રિકાળી વસ્તુ ધ્યેય છે પણ ત્રિકાળી વસ્તુના અવલંબે પ્રગટેલી અતીન્દ્રિય આનંદની ક્રિયા વસ્તુમાં નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધ પારિણામિક પ્રભુ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

શુદ્ધ-પારિણામિક વસ્તુ ધ્યેય છે, ધ્યાનમાં લેવા લાયક ધ્યેય છે પણ તે ધ્યાનરૂપ નથી; ધ્યાનમાં લેવા લાયક ધ્યેયરૂપ ત્રિકાળી દ્રવ્ય છે. તેથી શુદ્ધ-પારિણામિકભાવ ધ્યાનરૂપ નથી એમ કહીને આગળ શુદ્ધપર્યાયને કથંચિત્ ભિન્ન કહી હતી તે વાત અહીં સિદ્ધ કરી. અનંત શક્તિનો સમ્રાટ એવો જે ભગવાન આત્મા તે સમ્યગ્દર્શનનું ધ્યેય છે પણ સમ્યગ્દર્શનરૂપ ધ્યાન તેમાં નથી. સમ્યગ્દર્શન ધ્યાન છે ને ત્રિકાળી વસ્તુ ધ્યેય છે. એમ સ્વસંવેદનજ્ઞાન-શાસ્ત્રજ્ઞાન નહીં, પરલક્ષીજ્ઞાન નહીં—તે ધ્યાનરૂપ છે અને નિજાનંદ પ્રભુ ધ્યેયરૂપ છે તે ધ્યાનરૂપ નથી કારણ કે ધ્યાન વિનશ્વર છે, કેમ કે નિશ્ચય મોક્ષમાર્ગ છે તે પર્યાય છે ને મોક્ષ થતાં મોક્ષમાર્ગની પર્યાય નાશ થઈ જાય છે—વ્યય થઈ જાય છે. શુદ્ધ-પારિણામિકભાવ તો અવિનાશી છે, કોઈ પરિણમન થવું કે પરિણમનનો અભાવ થવો એવું તેમાં નથી.

## જિનવરદેવ જીવ કોને કહે છે ?

શ્રી પરમાત્મપ્રકાશની ૬૮મી ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જિનવરદેવ એમ કહે છે કે જીવ કે જેને અમે નિષ્ક્રિયતત્ત્વ કહીએ છીએ તે પર્યાયમાં આવતો નથી, પર્યાયપણે ઊપજતો નથી. જિનવરદેવ એમ કહે છે કે હે યોગી ! પરમાર્થે જીવ ઊપજતો નથી, એટલે કે મનુષ્ય, દેવ, તિર્યંચ, નારક કે સિદ્ધ ગતિમાં ઊપજતો નથી. અનંત તીર્થંકરો એમ કહે છે કે પરમાર્થે જીવ ઊપજતો નથી. જેને નિશ્ચય આત્મા કહીએ તેને નિયમસારની ગાથા ૩૮માં એમ કહ્યું છે કે ત્રિકાળી પરમાત્મા સ્વરૂપ તે જ આત્મા છે. પર્યાયનો આત્મા છે તે ત્રિકાળી—અપેક્ષાએ છે. વ્યવહાર આત્મા અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

જિનવર એમ કહે છે કે નિષ્ક્રિય ધ્રુવવસ્તુ આત્મા જેને કહીએ તે પર્યાયમાં કદી આવતો નથી, કેવળજ્ઞાનની પર્યાયપણે ધ્રુવ કદી ઊપજતો નથી, એ તો પર્યાય ઊપજે છે. પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી. સિદ્ધગતિની પર્યાયનો બીજે સમય વ્યય થાય છે તે ત્રિકાળી ધ્રુવમાં નથી. પર્યાયનું ઉત્પન્ન થવું ને પર્યાયનું વ્યય થવું તે ત્રિકાળી દ્રવ્યમાં નથી. સમ્યગ્દર્શનનો વિષય જે ધ્રુવ તેમાં પર્યાયપણે ઊપજવું કે પર્યાયપણે વ્યય થવું નથી. પર્યાયની અવસ્થાનો વ્યય થવો તે ધ્રુવ ચીજમાં નથી.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;**
**પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદઢતા કારણે. ૮૨.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૩૩, ગાથા - ૨૯)

## ભેદવિજ્ઞાનનો મહાપ્રતાપ

હવે ભાવુક શિષ્ય ફરી પ્રશ્ન કરે છે કે અમે શાસ્ત્રમાં સાંભળ્યું છે કે જીવને શરીર આદિ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે અને તેથી જ જીવનું મરણ, રોગાદિ થાય છે. તો હવે અમારે એ મરણ-રોગાદિને કેવી રીતે ટાળવા ?

આ શંકાનું સમાધાન આચાર્યદેવ પોતે જ ૨૯મી ગાથામાં કરે છે.

न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा ।
नाहं बालो न वृद्धोऽहं न युवैतानि पुद्गले ।।२९।।

ક્યાં ભીતિ જ્યાં અમર હું, ક્યાં પીડા વણ રોગ ?
બાલ, યુવા, નહિ વૃદ્ધ હું, એ સહુ પુદ્ગલ જોગ. ૨૯.

ભાઈ ! મરણ પુદ્ગલને છે. જન્મ પુદ્ગલને છે, રોગાદિ પુદ્ગલને છે અને બાળ-યુવાન-વૃદ્ધાદિ અવસ્થા પણ પુદ્ગલની છે. ભગવાન આત્મા તો તે સર્વથી રહિત શુદ્ધ પવિત્ર જ્ઞાનાનંદ સ્વરૂપ છે.

આનંદઘનજી કહે છે ને, 'અબ હમ અમર ભયે ના મરેંગે યા કારણ મિથ્યાત્વ દીયો તજ, ક્યોં કર દેહ ધરેંગે ?...અબ હમ... આત્મા તો અમર જ છે પણ અત્યાર સુધી શરીરના વિયોગને હું મારું મરણ માનતો હતો તે મિથ્યા હતું એમ જાણ્યું તેથી હવે નક્કી થયું કે હું અમર છું.

અજ્ઞાની જીવ શરીરના નાશથી પોતાનો નાશ, શરીરના જન્મથી પોતાનો જન્મ અને શરીરમાં રોગ આવવાથી પોતાને રોગી માનતો હતો. તે અજ્ઞાન, દુઃખ અને સંસાર હતો. હવે જાણ્યું કે હું તો શરીરથી ભિન્ન, જન્મ-મરણ-રોગાદિ રહિત તત્ત્વ છું. હું તો અજર અમર છું એવી યથાર્થ શ્રદ્ધા થતાં મિથ્યાદર્શન અને સંસાર તૂટવા લાગે છે.

પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાયા, શ્વાસ અને આયુષ્યને પ્રાણ કહેવાય છે અને એ પ્રાણના ઉચ્છેદને મરણ કહે છે. તો ધર્મી વિચારે છે કે મારામાં એ દશ પ્રાણ જ નથી તો

રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.

તેના ઉચ્છેદરૂપ મરણ મારે કેમ હોય ? મારા પ્રાણ તો જ્ઞાન-દર્શન આનંદ આદિ છે તે પ્રાણનો કદી નાશ થતો નથી. માટે જ્ઞાનાદિ ગુણથી મારું જીવન છે. શરીર, વાણી, પુણ્ય-પાપાદિ વિકારથી મારું જીવન નથી.

મારે મૃત્યુ નથી તો ડર કેમ ? મને વ્યાધિ નથી તો પીડા કેવી ? હું તો ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય-જ્ઞાનજ્યોતિ આનંદ આદિ ધરવાવાળો છું. 'આરોગ્ય બોધિલાભં' રાગ રહિત હું આરોગ્યવાળી ચીજ છું, વિકાર અને શરીરના પ્રાણ રહિત હું ચૈતન્ય રતન છું એવી જે બોધિ એટલે જ્ઞાનનો લાભ તે મારું આરોગ્ય છે, નીરોગતા છે. શરીરનો રોગ કે નીરોગતા આત્માને અડતી પણ નથી.

મુમુક્ષુ :—આપે તો અમને અમર અને નીરોગી બનાવી દીધા !

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ! બનાવ્યા નથી, એમ જ છે તે બતાવીએ છીએ. સૂરજનું મરણ કદી થાય છે ? તે તો છે જ, કદી મરતો નથી. તેમ ભગવાન આત્મા શુદ્ધ આનંદકંદ છે જ, કદી મરતો નથી. શરીર અને આત્મા ભિન્ન જ છે પણ ક્ષેત્રથી ભિન્ન પડતાં તેને લોકો મરણ કહે છે અને નવા શરીરના સંયોગને લોકો જન્મ કહે છે, બાકી જન્મ-મરણ આત્માને છે જ નહિ.

હું તો આત્મા છું; ન બાળક છું કે ન વૃદ્ધ છું. શરીરની કોમળ અવસ્થાને બાળપણ કહે છે, શરીરની મજબૂત અવસ્થાને યુવાની કહે છે અને શરીરની નિર્બળ અવસ્થાને વૃદ્ધાવસ્થા કહે છે. તે બધી જડ પુદ્ગલની અવસ્થા છે. ભગવાન ચૈતન્યસૂર્યની તે કોઈ અવસ્થા નથી. તેથી યુવાનીમાં આવતો વિકાર પણ મારો નથી અને વૃદ્ધાવસ્થામાં આવતી નબળાઈ પણ મારી નથી. તેથી સુખ-દુઃખની થતી અવસ્થા તે પણ મારી નથી. એમ ધર્મી જાણે છે.

૨૭માં શ્લોકમાં આવ્યું હતું કે હું એક, શુદ્ધ, નિર્મમ, જ્ઞાની-યોગીગમ્ય અને કર્મોદયથી રહિત છું. આવા સ્વરૂપનો જેણે નિર્ણય કર્યો છે તે એમ જાણે છે કે બાળ યુવાન-વૃદ્ધાવસ્થા તે મારી નથી. હું તો બેહદ જ્ઞાનાનંદ સ્વભાવી ચૈતન્યસૂર્ય છે. ભૂત-ભવિષ્ય-વર્તમાનની બધી અવસ્થામાં કાયમ ટકનારો હું અનાદિ-અનંત છું.

હું સ્વને અને પરને જાણનારો સ્વ-પરપ્રકાશકસ્વભાવી છું; પરદ્રવ્યને માત્ર જાણનાર છું 'તે મારા અને હું તેનો' એવા મિથ્યા અભિપ્રાયથી રહિત નિર્મમ છું અને મરણથી રહિત શાશ્વત છું. આવું મારું સ્વરૂપ છે એમ જેણે અંતરથી સ્વાનુભાવપૂર્વક નક્કી કર્યું છે તે ધર્મી છે.

(ક્રમશઃ) ❊



# અધ્યાત્મ સંદેશ

(રહસ્યપૂર્ણ ચિઠ્ઠી ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

## ધન્ય છે તેમને...જેઓ સ્વાનુભવની ચર્ચા કરે છે

## ચૈતન્યસ્વભાવના શ્રવણમાં મુમુક્ષુનો ઉલ્લાસ

સમયસારની ચોથી ગાથામાં કહે છે કે—

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ।।

કામ—ભોગ અને બંધનની કથા તો સર્વે જીવોએ પૂર્વે અજ્ઞાનીપણે અનંત વાર સાંભળી છે, પરિચયમાં લીધી છે ને તેનો અનુભવ પણ કર્યો છે; પરંતુ પરથી વિભક્ત જ્ઞાનાનંદસ્વરૂપ એકાકાર આત્માની વાત પૂર્વે કદી સાંભળી નથી, પરિચયમાં લીધી નથી ને તેનો અનુભવ પણ કર્યો નથી. જુઓ, માત્ર શબ્દ કાને પડવા કે ન પડવા તેને અહીં શ્રવણ નથી લીધું, પણ જેને જેની રુચિ—ભાવના—અનુભવ છે તેને તેનું જ શ્રવણ છે. ભલે શુદ્ધાત્માના શબ્દો કાને પડતા હોય પણ જો અંતરમાં રાગની મીઠાશ—ભાવના ને અનુભવ વર્તે છે તો તે જીવ ખરેખર શુદ્ધાત્માની કથાનું શ્રવણ નથી કરતો પણ રાગકથાનું જ શ્રવણ કરી રહ્યો છે. શુદ્ધાત્માને લક્ષમાં લ્યે તો જ શુદ્ધાત્માનું શ્રવણ કર્યું કહેવાય.

પ્રશ્ન :—ઘણા જીવો એવા છે કે હજી સુધી ત્રસપર્યાય જ કદી પામ્યા નથી, એટલે તેમને કાન જ મળ્યા નથી, છતાં તે જીવોએ પણ કામભોગબંધનની કથા અનંત વાર સાંભળી—એમ કઈ રીતે કહેવાય?

ઉત્તર :—એમાં પણ ઉપરનો જ ન્યાય લાગુ પડે છે. જેમ શુદ્ધાત્માની જેને રુચિ નથી તેને શુદ્ધાત્માના શબ્દો કાને પડવા છતાં તેને શુદ્ધાત્માનું શ્રવણ કહેતા નથી પણ બંધકથાનું જ શ્રવણ કહીએ છીએ—કેમ કે તે વખતે પણ તેના ભાવશ્રુતમાં તો બંધભાવ જ પોષાઈ રહ્યો છે; એ જ રીતે નિગોદ વગેરેના જીવોને બંધકથાના શબ્દો ભલે કાને નથી પડતા, પણ તેના ભાવમાં તો ક્ષણેક્ષણે બંધભાવનું સેવન ચાલી જ રહ્યું છે, માટે

છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.

તે જીવો બંધકથા જ સાંભળી રહ્યા છે—એમ કહેવામાં આવે છે. એટલે કે જે ઉપાદાનના ભાવમાં જેનું પોષણ છે તેનું જ તે શ્રવણ કરી રહ્યો છે, એમ કહેવામાં આવે છે. ભાઈ, તારા ભાવની રુચિ ન પલટે તો એકલા શબ્દો તને શું કરશે? અહીં તો કહે છે કે અહો, એક વાર પણ અંતર્લક્ષ કરીને ચૈતન્યના ઉલ્લાસથી તેની વાત જેણે સાંભળી તેનાં ભવબંધન તૂટવા માંડ્યાં; તેણે જ સાચું સાંભળ્યું કહેવાય. આ અપેક્ષાએ કહે છે કે ધન્ય છે તેમને કે જેઓ સ્વાનુભવની ચર્ચા કરે છે. દ્રવ્યલિંગી મુનિ થઈને નવપૂર્વ ભણે, અગિયાર અંગ જાણે પણ અંતરમાં જો પુણ્ય—પાપથી પાર ચૈતન્યસ્વરૂપને દૃષ્ટિમાં ન લીધું તો અહીં કહે છે કે શુદ્ધાત્માની વાત તેણે સાંભળી જ નથી; તેણે ચૈતન્યનો પક્ષ નથી કર્યો પણ રાગના પક્ષમાં જ તે રોકાયો છે. એને રાગમાં ઉલ્લાસ આવ્યો પણ ચૈતન્ય—સ્વભાવમાં ઉલ્લાસ ન આવ્યો...સ્વભાવમાં ઉલ્લાસ આવે તો તે તરફ વીર્ય ઝૂકીને તેનો અનુભવ કરે જ. અહા, હું તો ચૈતન્યસ્વરૂપ...વીતરાગી સંતોની વાણી મારા ચૈતન્યસ્વરૂપનો જ પ્રકાશ કરે છે, એમ અંતરમાં ચૈતન્યના ભણકાર લાવીને ઉત્સાહથી—વીર્યોલ્લાસથી જેણે સાંભળ્યું તે અલ્પકાળમાં સ્વભાવના ઉલ્લાસના બળથી મોક્ષને સાધશે. આવો ચૈતન્યનો મહિમા આવવો તે માંગળિક છે.

ઉપર પદ્મનંદીપચ્ચીસીની જે ગાથા કહી તે એકત્વસ્વરૂપ—અધિકારની ગાથા છે; તેમાં કહ્યું કે આ ચૈતન્યના એકત્વસ્વરૂપ પ્રત્યે પ્રસન્નતા ને ઉલ્લાસ લાવીને, અને જગતનો ઉલ્લાસ છોડીને, પરભાવનો પ્રેમ છોડીને તેનું જેણે શ્રવણ કર્યું—'વાંચ્યું' એમ નહિ પણ 'શ્રવણ કર્યું' એટલે કે શ્રવણ કરાવનારા જ્ઞાની સંત પાસેથી વિનયપૂર્વક સાંભળ્યું તે જીવ જરૂર સ્વાનુભવ પ્રગટ કરીને મુક્તિ પામે છે. અહા, જુઓ આ આત્મસ્વરૂપનો મહિમા! પં. ટોડરમલ્લજીએ ૨૦૦ વર્ષ પહેલાં સાધર્મી ઉપરના પત્રમાં આ ગાથાનો ઉલ્લેખ કર્યો છે. એ વખતના ગૃહસ્થો પણ કેવા અધ્યાત્મપ્રેમી હતા—તે આ પત્રથી ખ્યાલમાં આવે છે. સમયસારની પાંચમી ગાથામાં આચાર્યદેવ કહે છે કે આત્માનું એકત્વ—વિભક્ત સ્વરૂપ, —કે જે જીવોએ પૂર્વે કદી સાંભળ્યું નથી, અનુભવ્યું નથી, તે એકત્વ—વિભક્તસ્વરૂપ હું મારા આત્માના સમસ્ત વૈભવથી આ સમયસારમાં દેખાડું છું, હે શ્રોતાઓ! તમે તમારા સ્વાનુભવથી તે પ્રમાણ કરજો....માત્ર શબ્દોથી નહિ પણ સ્વાનુભવથી પ્રમાણ કરજો...અમે જેવો ભાવ કહીએ છીએ તેવો ભાવ તમારા આત્મામાં પ્રગટ કરજો. શબ્દો સામે જોઈને ન અટકશો પણ વાચ્ય તરફ વળીને શુદ્ધાત્માનો

> જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,
> તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.

સ્વાનુભવ કરજો. અહીં પણ પત્રની શરૂઆતમાં જ સ્વાનુભવનું સ્મરણ કર્યું છે કે ‘‘સ્વાનુભવ દ્વારા સહજાનંદની વૃદ્ધિ ચાહું છું.’’

ભગવાન આત્મા ચૈતન્યવસ્તુ છે, તેના મૂળ સ્વરૂપમાં તો રાગનોય પ્રવેશ નથી. અહા! એકલી ચૈતન્યવસ્તુ, પરથી તો નિરપેક્ષ ને પરભાવોથીયે નિરપેક્ષ,—એના પ્રત્યે અંતરમાં ઉલ્લાસ લાવીને જ્ઞાનીના શ્રીમુખે તેની વાત જેણે સાંભળી તેનું પરિણમનચક્ર મોક્ષ તરફ ફર્યું, અલ્પકાળમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અને કેવળજ્ઞાન પ્રગટ કરીને તે મોક્ષ પામશે. ચૈતન્યનો કોઈ અચિંત્ય અપાર મહિમા છે, એ મહિમા જેણે લક્ષગત કર્યો તેણે પોતાના આત્મામાં મોક્ષનાં બીજડાં રોપ્યાં. આ રીતે પત્રના ઉપોદ્ઘાતમાં ચૈતન્યસ્વભાવનો અને તેના સ્વાનુભવનો મહિમા કરીને પછી સામા સાધર્મીના પત્રનો ઉત્તર આપતાં લખે છે કે–

‘‘ભાઈશ્રી, તમે જે પ્રશ્નો લખ્યા તેના ઉત્તર મારી બુદ્ધિઅનુસાર કંઈક લખું છું તે જાણશો; અને અધ્યાત્મ–આગમના ચર્ચાગર્ભિત પત્ર તો શીઘ્ર શીઘ્ર આપ્યા કરશો. મેળાપ તો કદી થવો હશે ત્યારે થશે અને નિરંતર સ્વરૂપાનુભવમાં રહેશો. શ્રીરસ્તુ.’’ અહીં સુધી પત્રની ભૂમિકા છે ને પછી સ્વાનુભવ વગેરે સંબંધી ચર્ચા લખી છે.

જુઓ, આમાં પ્રથમ તો પોતાની નિર્માનતા બતાવી છે : ક્યાં શાસ્ત્રોની અગાધતા ને ક્યાં મારી અલ્પબુદ્ધિ! એટલે લખ્યું કે મારી બુદ્ધિઅનુસાર હું કંઈક લખું છું. ગણધર ભગવંતો અને મુનિવરોનું તો અગાધ અપાર સામર્થ્ય છે, સ્વાનુભવનો વિષય તેમને તો સ્પષ્ટ ઝળકે છે. ક્યાં તેમની અગાધ બુદ્ધિ ને ક્યાં મારા જ્ઞાનની અલ્પતા! છતાં સ્વાનુભવની ચર્ચાના પ્રેમથી કહે છે કે હું મારી બુદ્ધિઅનુસાર આપના પ્રશ્નોના કંઈક ઉત્તર લખું છું.

વળી સાધર્મી સાથે આવી આધ્યાત્મિક તત્ત્વચર્ચાનો કેટલો પ્રેમ છે! તેથી લખે છે કે ભાઈશ્રી! અધ્યાત્મની આવી ચર્ચાથી ભરેલા પત્રો વારંવાર લખ્યા કરશો. અને સાથે આવા સાધર્મીઓના પ્રત્યક્ષ મેળાપની ભાવના પણ ભાવી છે. પરંતુ એવો સંયોગ બનવો તે તો ઉદયાધીન છે, તેથી લખે છે કે મેળાપ તો થવો હશે ત્યારે થશે. એ જમાનામાં કાંઈ આજની જેમ રેલવે કે બલૂન ન હતાં કે એકબે દિ’માં જ્યાં જવું હોય ત્યાં પહોંચી

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૧ ઉપર)

**પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## ❃ જ્ઞેય અધિકાર ❃

કોઈને કેવળજ્ઞાનપર્યાયનો ઉત્પાદ હો, કોઈ કરોડપૂર્વ ચારિત્ર પાળી મિથ્યાત્વી થયો તેને મિથ્યાત્વનો ઉત્પાદ હો, કોઈને નિગોદદશાપણે ઉત્પાદ હો, કોઈને સિદ્ધ દશારૂપે ઉત્પાદ હો, કોઈને સમ્યગ્દર્શનપણે ઉત્પાદ હો, કોઈને મિથ્યાત્વપણે ઉત્પાદ હો, પણ એ બધાને ઉત્પાદરૂપ એકલક્ષણથી સમાનપણું છે.

હવે દ્રવ્યની ઉત્પાદપર્યાયને લક્ષમાં લ્યો તો બધાના ગમે તે પ્રકાર હો પણ ઉત્પાદ લક્ષણે બધાં સરખાં છે. તેમ 'છે'પણું જોવામાં વીતરાગતા છે કેમકે તેમાં શુદ્ધ-અશુદ્ધ, નાનું-મોટું કોઈ ભેદ જોવાની વાત નથી.

કોઈને ક્ષયોપશમ પર્યાયનો વ્યય, કોઈને મિથ્યાત્વ પર્યાયનો વ્યય, કોઈને સમ્યગ્દર્શનપર્યાયનો વ્યય, વળી પુદ્ગલમાં સુગંધ પર્યાય અથવા દુર્ગંધપર્યાયનો વ્યય, વિશ્વમાત્રની બધી વ્યય પર્યાયનું એક વ્યયલક્ષણમાં સમાઈ જવા અપેક્ષાએ સમાનપણું છે. સામાન્ય મહાસત્તાપણે દેખો કે વિશેષ અવાંતરસત્તાપણે દેખો—વિશેષતા જોવાની વાત નથી. જ્ઞાન જ્ઞેયને જાણે છે, એકલો જ્ઞાતામાત્ર વીતરાગભાવ ઊભો રાખે છે.

દીક્ષા લીધા પછી ઋષભદેવ ભગવાને હજાર વર્ષે, બાહુબલિજીએ એક વર્ષ ને ભરતચક્રવર્તીએ બે ઘડીમાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું. કોઈને દેશે ઉણા કરોડ પૂર્વ સુધી સંયમ પાળ્યા પછી કેવળજ્ઞાન થયું અથવા કોઈને ઘોર ઉપસર્ગ પછી કેવળજ્ઞાન થયું તો તેમાં ક્યું સારું?

તો કહે છે કે બધાયએ એક જ પ્રકારે કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યું છે, તેમાં વિષમતા નથી. આ માણસને ઘણા સમયથી આટલું સમજાવ્યો છતાં ન સમજ્યો માટે અઠીક, બીજો માણસ ક્ષણમાં સમજી ગયો માટે ઠીક—એવી વિષમતા જ્ઞેયને જ્ઞેયપણે જાણનારને રહેતી નથી.

**જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,**
**તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭.**

અનંત કાળ પહેલાં સિદ્ધ થયા તે વધુ સુખી, અને મોડા સિદ્ધ થાય તે થોડા સુખી—એમ હશે? નહિ. સ્વભાવ પૂર્ણ થયો તે અપેક્ષાએ બધા સરખા જ છે. જ્ઞાની ક્યાંય કોઈને, કોઈ પ્રકારે આડું અવળું કરવા માગતો નથી. જ્ઞાનમાં પરનો ફેરફાર કરવાનો સ્વભાવ નથી. કોઈ માને કે તીવ્ર રાગ છે તેને મંદ કરું. પણ તે શી રીતે બને? તીવ્ર રાગના સમયે તીવ્ર જ છે, બીજે સમયે તો વ્યય થશે જ, જ્ઞાન કરે શું? જેમ જ્ઞેય છે તેમ એને માત્ર જાણવાની તાકાત જ્ઞાનની છે. બીજું કાંઈ જ્ઞાનમાં નથી. અહો! આવું જાણવામાં જાણવું જ આવે છે. અશુભ રાગ થયો તો આમ કેમ? એવું જ્ઞાનમાં નથી, તે તો જ્ઞેયમાત્ર છે. શુભરાગ થયો તો આમ કેમ? એવું જ્ઞાનમાં નથી, તે તો જ્ઞેયમાત્ર છે. એમ જાણે એ જ સુખી થવાનો ઉપાય છે.

જ્ઞેયમાં આમ કેમ કે તેમાં કાંઈ કરવું એવો જ્ઞાનનો સ્વભાવ નથી. મિથ્યાત્વનું જગતમાં કોઈ જ્ઞેય નથી, કેમકે મિથ્યાદૃષ્ટિ માને છે તેવું જ્ઞેય વિશ્વમાં નથી. મિથ્યાત્વી માને છે કે મને નિમિત્તથી લાભ-નુકશાન થાય છે, કર્મથી રાગ-દ્વેષ થાય છે—તો તેવું વસ્તુસ્વરૂપ નથી માટે મિથ્યાજ્ઞાનનો જગતમાં કોઈ વિષય નથી. જેવું જ્ઞેય છે તેવું જાણે તો તે જ્ઞાન સમ્યક્ છે.

બધું સત્ છે એમ જાણ્યું તેમાં વીતરાગતા છે.

એકત્વ—મહાસત્તાપણે એક છે.

અનેકત્વ—અવાંતરસત્તાપણે-વિશેષપણે અનેક પણ છે.

મહાસત્તા સર્વપદાર્થસ્થિત છે, અવાંતરસત્તા એક પદાર્થસ્થિત છે. મહાસત્તા વિશ્વરૂપ છે, અવાંતરસત્તા એકરૂપ છે.

મહાસત્તા અનંત પર્યાયપણે છે, અવાંતરસત્તા એક પર્યાયપણે છે.

મહાસત્તા જીવદ્રવ્ય, પુદ્ગલદ્રવ્યસ્વરૂપરૂપ બધામાં વર્તે છે. તથા અવાંતરસત્તા-દ્રવ્યસત્તા, અનાદિ-અનંત પર્યાયસત્તા અને સાદિસાંત-સ્વરૂપસત્તા એમ ત્રણ પ્રકારે છે. એમ જ્ઞેયને યથાર્થ જાણે તેને વીતરાગતા છે. (ક્રમશઃ) ❊

જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,<br>
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮.



# મુક્તિનો માર્ગ

(સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં સત્તાસ્વરૂપ પર પ્રવચનો)

(પ્રવચન પહેલું)

## તત્ત્વનિર્ણયની દુર્લભતા

જે સાચું જ્ઞાન થતાં આળસ વગેરે સમસ્ત દોષો દૂર થાય છે તે સાચું જ્ઞાન કેમ થાય? તો કહે છે કે સત્‌શાસ્ત્રોનો શ્રવણ, ધારણ, વિચારણા, આમ્નાય અને અનુપ્રેક્ષાપૂર્વક અભ્યાસ જોઈએ. સત્શાસ્ત્ર સાંભળવા સાથે ધારણ જોઈએ. જુઓ! જીવોને સાચું સુખ જોઈએ છે, તે સુખ સર્વ કર્મના નાશથી પ્રગટે છે, કર્મનો નાશ ચારિત્રથી થાય છે, ચારિત્ર સમ્યગ્દર્શન-જ્ઞાનથી થાય છે અને સમ્યગ્દર્શન–જ્ઞાન સત્‌શાસ્ત્રોના શ્રવણ–ધારણથી થાય છે.

આમાં તો શું કહે છે તે ધારી લેવાની વાત છે. સવારે સમયસારમાં શું વાત ચાલી હતી એમ પૂછતાં કોઈ કહે કે યાદ નથી, તો એવું શ્રવણ ન ચાલે. જગતમાં કોઈ પાસે લેણું હોય તો બરાબર યાદ રાખે, તે માણસને દેખતાં જ યાદ આવે કે આની પાસે આટલું લેણું છે. જેમ ત્યાં ધારણા કરી છે, તેમ સત્શાસ્ત્રને પણ યથાર્થપણે પાત્ર જીવ ધારણ કરી લ્યે, અને ધારણ કર્યા પછી પણ તેની વિચારણા જોઈએ; પછી આમ્નાય જોઈએ એટલે કે વારંવાર તે વાતને ફેરવ્યા કરે કે આત્મા શુદ્ધ, આત્મા જ્ઞાનસ્વરૂપ, આત્મા આવો, તેના ગુણ આવા, તેની સ્પષ્ટ નિર્મળ જ્યોતિ આવી વગેરે. એ રીતે વાતને ફેરવ્યા કરે અને પછી અનુપ્રેક્ષાપૂર્વક વારંવાર ચિંતવન કરવું જોઈએ. અહીં આવીને એક કલાક સાંભળી જાય અને પછી ઘરે જઈને બીજી વિકથાઓમાં જોડાય તો તે અનુપ્રેક્ષા ન કહેવાય. જુઓ, ધારણ અને અનુપ્રેક્ષા બન્ને મૂક્યા છે, તેમાં 'ધારણ' કહેતાં વર્તમાન સાંભળવા ટાણે યાદ રાખવાની વાત છે અને 'અનુપ્રેક્ષા' કહેતાં તે યાદ રાખેલી વાતને પાછળથી વિચારવાની વાત છે.

બધા કલ્યાણનું મૂળ કારણ એક આગમનો યથાર્થ નિર્ણય છે. ભગવાને કહેલા પરમાગમ શાસ્ત્રોનો માત્ર અભ્યાસ નહીં, પણ યથાર્થ અભ્યાસ એમ કહ્યું છે. શાસ્ત્રના કહેવા પ્રમાણે બરાબર આશય સમજે તો તે યથાર્થ અભ્યાસ કહેવાય, પણ પોતાને ગોઠે તે પ્રમાણે અર્થ બેસાડી દે તો તે યથાર્થ અભ્યાસ નથી.

તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,
તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.

હવે કહે છે કે આગમના યથાર્થ અભ્યાસના ટાણાં મોંઘાં છે ભાઈ! આ સંસારનું પરિભ્રમણ આજકાલનું નથી, પણ અનાદિનું છે. તેમાં જગતની વકીલાત વગેરેના અભ્યાસ કરી કરીને જીવનો સોડ નીકળી ગયો છે. તેથી શાસ્ત્રાભ્યાસના ટાણાં મળવા દુર્લભ છે. પ્રભુ! અનાદિકાળમાં તારો ઘણો ઘણો કાળ તો એકેન્દ્રિય પર્યાયમાં જ ગયો છે. અનંત અનંત કાળ વીત્યો તેમાં ઘણો તો એકેન્દ્રિયમાં જ ગયો છે. ત્રસની સ્થિતિ તો માત્ર ૨૦૦૦ સાગરની છે. એકેન્દ્રિયના કાળને હિસાબે તો તે કાળ અલ્પ જ છે. આત્માનું ભાન ન કર્યું અને ત્રસનો કાળ ખૂટ્યો એટલે જીવનો અનંતકાળ એકેન્દ્રિયમાં જાય છે. એકેન્દ્રિય પર્યાયમાં જન્મી–મરીને જીવ અનંત દુઃખ પામ્યો છે. આ મનુષ્યપણું તો અત્યંત દુર્લભ છે. એકેન્દ્રિય પર્યાયમાં સ્પર્શેન્દ્રિય સંબંધી કિંચિત્ જ્ઞાન હોય છે; ત્યાં અનંત દુઃખ છે. જમશેદપુરની તાતા કંપનીની ભઠ્ઠીમાં ક્રોડોની ઉપજવાળા તાલુકાદારના રાજકુંવરને શણગારીને જીવતો બાળી મૂકે અને તેને જે પીડા થાય તેના કરતાં અનંત ગણી પીડા એકેન્દ્રિયપણામાં દરેક જીવ અનંતવાર ભોગવી ચૂક્યો છે; તે પર્યાયમાં માત્ર સ્પર્શેન્દ્રિયનું અને તે પણ કિંચિત્ જ જ્ઞાન છે. તે એકેન્દ્રિયથી લઈને દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના પ્રાણીઓને તો તત્ત્વનો વિચાર કરવાની શક્તિ જ નથી. અહીં સુધીના સુખ–દુઃખની લાગણીના કે એવા બીજા વિચારની વાત નથી, પણ શાસ્ત્રના વિચારની વાત છે. અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો વિચાર કરવાના ટાણાં જ નથી, એ તો બધા મન વગરના છે. હવે લઈએ મનવાળા પ્રાણી! તેમાં નરકગતિમાં તો શાસ્ત્રાભ્યાસ થવાનો સંભવ જ નથી. કોઈક જીવે પૂર્વે સત્સમાગમ કર્યો હોય અને તેની વાસના કદાચિત્ રહી ગઈ હોય તો તે જીવને આત્માનો અંતરંગ વિચાર થાય, પણ ત્યાં શાસ્ત્રાભ્યાસના ટાણાં તો ન જ મળે. પછી દેવગતિ–તેમાં જે નીચ જાતિના દેવો છે તેઓ તો વિષય-સામગ્રી મળી છે તેમાં જ અત્યંત આસક્ત છે, તેમાં એવા લીન છે કે તેમને ધર્મવાસના જ થતી નથી, તેથી તેમને પણ શાસ્ત્રાભ્યાસના ટાણાં નથી. ઉચ્ચપદવાળા કોઈક દેવોને ધર્મની વિચારણા થાય છે, તો તેમણે પણ વિશેષપણે મનુષ્યપણામાં શાસ્ત્રાભ્યાસાદિ કરેલ હોય છે. તે મનુષ્યપણામાં કરેલા ધર્મસાધનની યોગ્યતાથી ઉચ્ચપદવાળા દેવ થાય છે.

અસંખ્યાતા જીવોમાં કોઈક જીવ મોટો દેવ થાય. તેને એમ થાય કે અરેરે! મનુષ્યપણામાં અમારી સાધના અધૂરી રહી ગઈ; એમ ધર્મવાસના ઉત્પન્ન થાય છે. જીવ

> મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
> સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.

વિશેષપણે મનુષ્યપણામાં જ ધર્મસંસ્કાર પામે છે. 'વિશેષપણે' એ ખાસ શબ્દ મૂક્યો છે. તીર્થંકરની સભામાં કોઈ ઢોર વગેરે પણ ધર્મોપદેશ સાંભળીને આત્મભાન પામી જાય છે. તેની અહીં મુખ્યતા નથી, તેથી 'વિશેષપણે મનુષ્યપણામાં' એવી ભાષા વાપરી છે.

મનુષ્ય પર્યાયમાં પણ કેટલાક મનુષ્ય જીવોનું આયુષ્ય તો ઘણું જ અલ્પ છે. તે જીવોને તો પર્યાપ્તિની પૂર્ણતા જ થતી નથી, શરીરનું બંધારણ જ પૂરું થતું નથી; એ તો માતાના ઉદરમાં જ મરી જાય છે. જેને આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મન એ છ પ્રકારની પર્યાપ્તિની પૂર્ણતા જ નથી એવા જીવને તો સત્શાસ્ત્રોનો જોગ જ નથી. વળી કદાચિત્ છ પર્યા પ્તિ પૂરી થાય અને અલ્પ આયુષ્ય પામે તો ઘણાં તો બાલ્ય અવસ્થામાં જ મરણ પામે. કદાચિત્ આયુષ્ય વધારે હોય તો શૂદ્ર વગેરે નીચ કુળમાં જન્મે, અને સારું કુળ મળે તો ઈન્દ્રિયોની પૂર્ણતા દુર્લભ છે. ઈન્દ્રિયોની પૂર્ણતા મળે તો નિરોગ શરીર દુર્લભ છે, એ પણ મળે તો જ્યાં સત્શાસ્ત્રાદિનો જોગ બને એવા ગામમાં ઉપજવું દુર્લભ છે અને મોટા શહેરોમાં ઉપજે તો પણ જીવને ધર્મવાસના ઉપજવી દુર્લભ છે. અને કોઈ જીવોને ધર્મવાસના ઉપજે તો ત્યાં પણ સાચા દેવ-ગુરુ મળવા દુર્લભ છે. કુદેવ—કુગુરુ મળે તો અવતાર જાય મફતમાં! સાચા દેવ—ગુરુનો સંયોગ મળવો મહાન દુર્લભ છે. હવે કોઈને કદાચિત્ તે સાચા દેવ—ગુરુનો જોગ પણ મળ્યો તો તે બહારમાં પુણ્યની ક્રિયામાં સલવાઈ જાય! પૂજા કરો, દાન કરો, સંયમ પાળો, મહાવ્રત અંગીકાર કરો એનાથી ધર્મ થશે એમ માની બેસે છે, અને તે વ્યવહારધર્મમાં સલવાઈ જાય છે. જો પૈસા ખરચવાથી ધર્મ થાય એવું હોય તો ગરીબોને ધર્મ જ ન થાય. સાચા દેવ—ગુરુનો સંયોગ પામીને પણ ઘણા જીવો ઉપવાસાદિમાં ઉતરી પડ્યા, અને મંડ્યા તપસ્યા કરવા ને તેમાં જ ધર્મ માની બેઠા અને તત્ત્વ રહી ગયું એક બાજુ!

પાપ કરવાની વાત તો હોય જ નહીં, પણ અશુભભાવ છોડાવવા માટે શુભભાવનું કથન આવે ત્યાં વળગી પડે શુભને; પણ તત્ત્વનો યથાર્થ નિર્ણય કર્યા વગર તારા જન્મ—મરણનો અંત નહીં આવે. કોઈ જીવ તત્ત્વનો નિર્ણય તો કરે નહિ, વ્યવહારની વાસનાથી નવરો થાય નહિ અને કહે કે સમજવાનું શું કામ છે, આપણે સમજી સમજીને કરવું છે તો આ જ ને? પણ ભાઈ! કરવાનું અંતરમાં કાંઈક જુદું છે. પ્રથમ વસ્તુ તો સમજ! સમજ્યા પછી શું કરવાનું છે તે ખબર પડશે. (ક્રમશઃ)


❈

નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને
સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(બીજી ઢાળ ગાથા-૯-૧૨)



## ગૃહીત મિથ્યાદર્શનનું સ્વરૂપ અને મિથ્યાત્વપોષક કુગુરુ–કુદેવ–કુધર્મનું સેવન છોડવાનો ઉપદેશ

કુંદકુંદપ્રભુ પ્રવચનસારમાં કહે છે કે—અરિહંતદેવના દ્રવ્ય-ગુણ-પર્યાયને જે જીવ ઓળખે છે તે પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપને પણ ઓળખે છે ને તેને મોહનો ક્ષય થઈને સમ્યગ્દર્શન થાય છે. અહો, અરિહંત ભગવાનના આત્માનું દ્રવ્ય શુદ્ધ ચેતનમય, તેમના ગુણો પણ શુદ્ધ ચૈતન્યરૂપ અને તેમની પર્યાય પણ શુદ્ધ ચેતનારૂપ, એમાં ક્યાંક રાગ નથી; જેવો તે આત્માનો શુદ્ધસ્વભાવ છે તેવો જ પરમાર્થે આ આત્મા શુદ્ધસ્વભાવી છે.—એમ ઓળખાણ કરવાથી રાગાદિ પરભાવો સાથેની એકત્વબુદ્ધિ છૂટીને પરિણતિ અંતર્સ્વભાવમાં વળે છે, શુદ્ધસ્વભાવ સાથે પર્યાયની એકતા થતાં મોહનો અભાવ થઈ જાય છે એટલે કે સમ્યગ્દર્શન થાય છે. તે જીવે અરિહંતદેવને પરમાર્થ સ્વરૂપે ઓળખ્યા, અને સાચા ભાવપૂર્વકનું ણમો અરિહંતાણં તેણે કર્યું.

અરિહંતને ઓળખ્યા વગર તેમનું નામ લ્યે તેમાં ખરેખર તો નામનિક્ષેપ પણ સાચો નથી; કેમકે નિક્ષેપ તે નયપૂર્વક હોય છે ને નય તે સમ્યક શ્રુતજ્ઞાનપૂર્વક જ હોય છે; અજ્ઞાનમાં નય કે નિક્ષેપ સાચા હોતાં નથી. સર્વજ્ઞની મૂર્તિમાં પણ સર્વજ્ઞની સ્થાપનાનો નિક્ષેપ છે, એટલે તે પણ રાગ-દ્વેષનાં ચિહ્ન વગરની જ હોય—'जिन प्रतिमा जिनसारखी' જેને જોતાં સર્વજ્ઞ-વીતરાગનું સ્વરૂપ લક્ષમાં આવે એવી મૂર્તિ જૈનશાસનમાં માન્ય છે, ને તેમાં ખરો સ્થાપનાનિક્ષેપ સંભવે છે. આખી દુનિયાને જાણનારા, પણ કરનારા નહિ કોઈનું, એવા સર્વજ્ઞ-વીતરાગદેવ અને તેમની પ્રતિમા પૂજ્ય છે; એનાથી વિરુદ્ધ કોઈ પૂજ્ય નથી.—આટલી ઓળખાણ કરે ત્યારે ગૃહીત મિથ્યાત્વ ટળે, ને આત્માની ઓળખાણ કરે ત્યારે અગૃહીત મિથ્યાત્વ ટળે ને ત્યારે સમ્યગ્દર્શન થાય.

પ્રશ્ન:—પ્રતિમા અજીવની બનેલી છે, તો તેને તમે જીવ માનો છો?

આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;
તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.

ઉત્તરઃ—પ્રતિમામાં ભગવાનની સ્થાપના છે, ને ત્યાં ભાવનિક્ષેપે ભગવાન કેવા હોય તેનો ધર્મીને ખ્યાલ છે, એટલે તે ભગવાનનું સ્મરણ કરીને, અને પ્રતિમાજીમાં તેની સ્થાપના કરીને ભક્તિ–વિનય–વંદન–પૂજા કરે છે; તે યોગ્ય છે. તેમાં જોકે શુભરાગ છે પણ તે કાંઈ મિથ્યાત્વ નથી. કેમકે તેમાં કાંઈ દેવનું સ્વરૂપ નથી મનાતું. જેને ભાવનિક્ષેપ ભગવાનની ખબર નથી તેઓ સ્થાપના નિક્ષેપનો પણ નિષેધ કરે છે, તેમણે ભગવાનને ઓળખ્યા નથી. અહા! ધર્મીના અંતરમાં તો સર્વજ્ઞ પરમાત્મા રમે છે, એના શ્રદ્ધા-જ્ઞાનમાં પરમાત્મા બિરાજે છે, એટલે એના ભક્તિ વગેરેના ભાવો પણ અલૌકિક હોય છે...સ્થાપના નિક્ષેપ પણ તેમને જ સાચો હોય છે. જેમ પિતાના પ્રેમવાળો માણસ તેમના ચિત્રમાં સ્થાપના કરીને કહે છે કે 'આ મારા પિતા છે',—ત્યાં તેને સાચા પિતાની અને સ્થાપનારૂપ પિતાની, બંનેની ખબર છે, તેમ સર્વજ્ઞપદ જેને પ્રિય છે એવા સાધક જીવો, પોતાના પરમ પ્રિય ધર્મપિતા એવા સર્વજ્ઞદેવને ઓળખીને પ્રતિમાજી વગેરેમાં પણ તેમની સ્થાપના કરીને બહુમાન કરે છે કે 'આ મારા ભગવાન, આ મારા ધર્મપિતા, અમે આ જિનવરના પુત્ર.'—આ પ્રમાણે ઈષ્ટદેવ પ્રત્યે ધર્મીને પરમ બહુમાન જાગે છે.

દેવગતિના જીવોને પણ 'દેવ' કહેવાય છે, પણ એ દેવો કાંઈ વીતરાગ નથી. જગતમાં અરિહંતદેવ અને સિદ્ધદેવ એ જ સાચા વીતરાગદેવ છે. એ જ ઈષ્ટ પરમેશ્વર અને પરમાત્મા છે. અરે, મૂર્ખ જીવો પરમાત્માને ભૂલીને પીપળા વગેરે ઝાડને તથા સું વાંદરા વગેરે પશુને પણ દેવ માનીને પૂજે છે, બીજા અનેક પ્રકારનાં રાગી–દ્વેષી કુદેવોને દેવ માનીને પૂજે છે; અરે! સાચા વીતરાગી દેવામાં પણ રાગ-દ્વેષનાં કાર્યો હોવાનું માનીને તેમનું સ્વરૂપ વિકૃત કરી નાંખે છે,–એ બધાયને દેવમૂઢતા છે; એમાં ઘણો અવિવેક અને મિથ્યાત્વની તીવ્રતા છે. દેવ–ગુરુનું સાચું સ્વરૂપ વ્યવહારે ઓળખે, તેમણે કહેલા વીતરાગધર્મની શ્રદ્ધા કરે, અને પછી તેવો અનુભવ કરવા સુધી હજી પોતે ન પહોંચી શક્યો હોય,–તેને મિથ્યાત્વની મંદતા કહેવાય; પણ સમજણમાં જ જેને વિપરીતતા છે ને દેવ–ગુરુનું સાચું સ્વરૂપ પણ જે જાણતો નથી–માનતો નથી, વિપરીત માનીને કુદેવ-કુગુરુ કુધર્મને સેવે છે તેને તો મિથ્યાત્વની તીવ્રતા છે. તેને સમજાવે છે,– અત્યંત કરુણાબુદ્ધિથી સમજાવે છે, કે ભાઈ, તારું હિત ચાહતો હો તો ભગવાન અરિહંતદેવ સિવાય બીજા કોઈ દેવને માનવાનું છોડી દે; હિતનો સાચો માર્ગ

**રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;**
**તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.**

દેખાડનારા ભગવાન અરિહંત જ છે. આવા વીતરાગ ભગવાનને છોડીને મોહી જીવોને કોણ ભજે?—જે તીવ્ર મોહી હોય તે ભજે! પણ જે વિવેકી પોતાનું હિત ચાહતો હોય તે તો કોઈ કુદેવને ભજે નહિ. ભાઈ, મોહી જીવો તો તારા જેવા છે. એને ભજવાથી તો તારો મોહ જ પુષ્ટ થશે....ને તું સંસારમાં ડુબીશ. અરે! તું જે પરમ સુખરૂપ ઈષ્ટપદને ઈચ્છે છે તે ઈષ્ટપદને પામેલા જીવ કેવા હોય તેને તો ઓળખ. તારા ઈષ્ટદેવને તો ઓળખ. જે પોતાના ઈષ્ટદેવને જ ન ઓળખે એની મૂર્ખતાની શી વાત!

આ પ્રમાણે કુદેવ અને સાચા દેવનું સ્વરૂપ ઓળખાવીને કુદેવનું સેવન છોડવાનો ઉપદેશ આપ્યો. કુગુરુ અને કુદેવની માફક કુધર્મનું સેવન પણ છોડાવવા માટે તેનું સ્વરૂપ ઓળખાવે છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (અધ્યાત્મ સંદેશ)

જવાય. એ વખતે તો મુસાફરી ઘણી મુશ્કેલ હતી ને એક ગામથી બીજે ગામ જવામાં ઘણાં દિવસો લાગતા. એ વખતે આજની જેમ ટપાલ ન હતી, પણ ખેપિયા મારફત કાગળ મોકલતા, જે ઘણા દિવસે મળતા. બાહ્ય મેળાપ થવો તે પોતાના હાથની વાત નથી પણ અંદરમાં સ્વરૂપના અનુભવની ભાવના કરવી તે સ્વાધીન છે, તેથી તેની ભાવનાથી લખે છે કે નિરંતર સ્વાનુભવમાં રહેશો. સ્વાનુભવમાં રહેવાનું પોતાને ગમ્યું છે તેથી બીજા સાધર્મીને પણ તેની જ ભલામણ લખે છે. પોતાના ભાવમાં જે રુચ્યું તેની બીજાને અનુમોદના કરે છે. જુઓ, સાધર્મી સાથે પત્રદ્વારા પણ કેવી ભાવના ભાવે છે!

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૮ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

પરમાત્મસ્વરૂપ છે તે બંધ ને મોક્ષના પરિણામને કરતું નથી એમ કોણ કહે છે ?—કે અનંત તીર્થંકરો એમ ફરમાવે છે કે ત્રિકાળી ભગવાન પ્રભુ બંધને મોક્ષના પરિણામ અને બંધ-મોક્ષના કારણને કરતો નથી. એ તો સદૃશ એકરૂપ ધ્રુવ વસ્તુ છે અને ઉત્પાદ-વ્યય તો વિસદૃશ છે. ઉત્પાદ ભાવ અને વ્યય અભાવ, એ ભાવ-અભાવ વસ્તુમાં ક્યાં છે ?—એ તો એકરૂપ ત્રિકાળી ભાવ છે અને તે જ સમ્યગ્દર્શનનો વિષય છે. (ક્રમશઃ) ❋


**પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને**
**ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.**

# આનંદ પ્રગટાવવાની ભાવનાવાળો શું કરે ?

જગતના જીવોને સુખ જોઈએ છે, સુખ કહો કે ધર્મ કહો. ધર્મ કરવો છે એટલે આત્મશાંતિ જોઈએ છે, સારું કરવું છે. સારું ક્યાં કરવું છે? આત્માની અવસ્થામાં દુઃખનો નાશ કરીને વીતરાગી આનંદ પ્રગટ કરવો છે. એ આનંદ એવો જોઈએ કે જો સ્વાધીન હોય–જેના માટે પરનું અવલંબન ન હોય....આવો આનંદ પ્રગટાવવાની જેને યથાર્થ ભાવના હોય તે જિજ્ઞાસુ કહેવાય. પોતાનો પૂર્ણાનંદ પ્રગટાવવાની ભાવનાવાળો જિજ્ઞાસુ પહેલાં એ જુએ કે એવો પૂર્ણાનંદ કોને પ્રગટ્યો છે. પોતાને હજી તેવો આનંદ પ્રગટ નથી, પણ પોતાને જેની ભાવના છે તેવો આનંદ બીજા કોઈકને પ્રગટ્યો છે અને જેમને તે આનંદ પ્રગટ્યો છે, એવાઓના નિમિત્તથી પોતે તે આનંદ પ્રગટાવવાનો સાચો માર્ગ જાણે–આમ જાણ્યું તેમાં સાચાં નિમિત્તોની ઓળખાણ પણ આવી ગઈ. આટલું કરે ત્યાં સુધી હજી જિજ્ઞાસુ છે.

પોતાની અવસ્થામાં અધર્મ–અશાંતિ છે તે ટાળીને ધર્મ–શાંતિ પ્રગટાવવી છે. તે શાંતિ પોતાને આધારે અને પરિપૂર્ણ જોઈએ છે. આવી જેને જિજ્ઞાસા થાય તે પ્રથમ એમ નક્કી કરે છે કે–હું એક આત્મા મારું પરિપૂર્ણ સુખ પ્રગટાવવા માગું છું, તો તેવું પરિપૂર્ણ સુખ કોઈને પ્રગટ્યું હોવું જોઈએ; જો પરિપૂર્ણ સુખ–આનંદ પ્રગટ ન હોય તો દુઃખી કહેવાય. જેને પરિપૂર્ણ અને સ્વાધીન આનંદ પ્રગટ્યો હોય તે જ સંપૂર્ણ સુખી છે; તેવા સર્વજ્ઞ છે......આ રીતે જિજ્ઞાસુ પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કરે છે. પરનું કરવા–મૂકવાની વાત તો છે જ નહિ,–જ્યારે પરથી જરા છૂટો પડ્યો ત્યારે તો આત્માની જિજ્ઞાસા થઈ છે. આ તો પરથી ખસીને જેને પોતાનું હિત કરવાની ઝંખના જાગી છે એવા જિજ્ઞાસુ જીવની વાત છે. પરદ્રવ્ય પ્રત્યેની સુખબુદ્ધિ અને રુચિ ટાળી તે પાત્રતા, તેમ જ સ્વભાવની રુચિ અને ઓળખાણ થવી તે પાત્રતાનું ફળ છે.

દુઃખનું મૂળ ભૂલ છે. જેણે પોતાની ભૂલથી દુઃખ ઉત્પન્ન કર્યું છે તે પોતાની ભૂલ ટાળે તો તેનું દુઃખ ટળે. બીજા કોઈએ ભૂલ કરાવી નથી, તેથી બીજો કોઈ પોતાનું દુઃખ ટાળવા સમર્થ નથી.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—વસ્તુના સ્વરૂપનો નિશ્ચય ક્યા પ્રકારે કરવો?**

ઉત્તર :—વસ્તુના સ્વરૂપનો નિશ્ચય આ પ્રમાણે કરવો કે—આ જગતમાં હું સ્વભાવથી જ્ઞાયક જ છું; અને મારાથી ભિન્ન આ જગતના જડ-ચેતન સમસ્ત પદાર્થો તે મારાં જ્ઞેયો જ છે. વિશ્વના પદાર્થો સાથે માત્ર જ્ઞેય જ્ઞાયક સંબંધથી વિશેષ કંઈ પણ સંબંધ મારે નથી. કોઈ પણ પદાર્થ મારો નથી, ને હું કોઈના કાર્યનો કર્તા નથી. દરેક પદાર્થ પોતાના સ્વભાવ સામર્થ્યથી જ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપે પરિણમી રહ્યો છે. તેની સાથે મારે કાંઈ જ સંબંધ નથી.

જે જીવ આવો નિર્ણય કરે તે જ પર સાથેનો સંબંધ તોડીને નિજસ્વરૂપમાં ઉપયોગને જોડે, એટલે તેને જ સ્વરૂપમાં ચરણરૂપ ચારિત્ર થાય. આ રીતે ચારિત્ર માટે પહેલાં વસ્તુસ્વરૂપનો નિર્ણય કરવો જોઈએ.

**પ્રશ્ન :—ન્યાયથી અને તર્કથી તો આ વાત બેસે છે પણ અંદર જવાની હિંમત કેમ ચાલતી નથી?**

ઉત્તર :—એને પહોંચવા જોઈએ એટલો પુરુષાર્થ નથી એટલે બહારને બહાર ભટક્યા કરે છે. અંદર જવાની રુચિ નથી તેથી ઉપયોગ અંદર જતો નથી.

**પ્રશ્ન :—વર્તમાન કર્મબંધન છે, હીણીદશા છે, રાગાદિ ભાવો વર્તે છે, તો શુદ્ધ આત્માની અનુભૂતિ કેમ થઈ શકે?**

ઉત્તર :—રાગાદિ ભાવો વર્તમાન વર્તતા હોવા છતાં તે બધા ભાવો ક્ષણિક છે, વિનાશક છે, અભૂતાર્થ છે, જૂઠા છે. તેથી તેનું લક્ષ છોડીને ત્રિકાળી ધ્રુવ શુદ્ધાત્માનું લક્ષ કરતાં આત્માની અનુભૂતિ થઈ શકે છે. રાગાદિ ભાવો એક સમયની સ્થિતિવાળા છે ને ભગવાન આત્મા કાયમ ટકનાર અબદ્ધસ્પૃષ્ટ સ્વરૂપ છે. તેથી એક સમયની ક્ષણિક પર્યાયનું લક્ષ છોડી ત્રિકાળી શુદ્ધાત્માનું લક્ષ કરતાં—દૃષ્ટિ કરતાં આત્માનુભૂતિ થઈ શકે છે.

**પ્રશ્ન :—જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે અને સમ્યક્ સન્મુખ જીવ સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે, તે બન્નેની વિધિનો પ્રકાર એક જ છે કે કાંઈ ફેર છે?**

**પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.**

ઉત્તર :—જ્ઞાની સવિકલ્પ દ્વારા નિર્વિકલ્પ થાય છે તેને આત્માનું લક્ષ તો થયું છે. આત્મા લક્ષમાં છે અને તેમાં એકાગ્રતાનો વિશેષ પુરુષાર્થ કરતાં વિકલ્પ છૂટી નિર્વિકલ્પ થાય છે. સ્વસન્મુખ જીવને તો હજુ આત્માનું લક્ષ થયું નથી. આત્મા લક્ષમાં આવ્યો નથી પણ જ્ઞાનમાં ઓઘે-ઓઘે (ધારણાથી) જાણ્યો છે, પ્રત્યક્ષ થયો નથી. વિકલ્પથી આત્માનું લક્ષ ઓઘે-ઓઘે થયું છે તેને અંદર પુરુષાર્થ ઉગ્ર થતાં સવિકલ્પતા છૂટીને નિર્વિકલ્પતા થાય છે. (એ રીતે નિર્વિકલ્પ થવાની વિધિનો પ્રકાર એક હોવા છતાં જ્ઞાનીએ વેદનથી આત્મા જાણ્યો છે અને સ્વસન્મુખવાળાએ ઓઘે-ઓઘે-આનંદના વેદન વિના—આત્માને જાણ્યો છે.)

**પ્રશ્ન :—વિકલ્પથી નિર્વિકલ્પ થવામાં સૂક્ષ્મ વિકલ્પ રોકે છે તેનું શું કરવું?**

ઉત્તર :—નિર્વિકલ્પ થવામાં વિકલ્પ રોકતો નથી પણ અંદર ઢળવાયોગ્ય પુરુષાર્થ કરતો નથી. વિકલ્પને તોડવો નથી પડતો પણ સ્વરૂપમાં ઢળવાનો પુરુષાર્થ ઉગ્ર થતાં વિકલ્પ સહજ તૂટી જાય છે.

**પ્રશ્ન :—સમ્યક્ સન્મુખ જીવ તત્ત્વના વિચારમાં રાગને પોતાનો જાણે છે કે પુદ્‌ગલનો જાણે છે?**

ઉત્તર :—સમ્યક્ સન્મુખ જીવ રાગ તે પોતાનો અપરાધ છે તેમ જાણે છે અને અંદર ઉતરવા માટે રાગ તે મારું સ્વરૂપ નથી, રાગ તે હું નથી તેમ જાણીને તેનું લક્ષ છોડી અંદરમાં ઉતરવાનો પ્રયત્ન કરે છે.

**પ્રશ્ન :—દૃષ્ટિનું જોર ક્યાં દેવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય?**

ઉત્તર :—જ્ઞાયક નિષ્ક્રિય તળ ઉપર તું દૃષ્ટિ થાપ ને! પર્યાય ઉપર શું કામ જોર દે છો? આ મારી ક્ષયોપશમની પર્યાય વધી, આ મારી પર્યાય થઈ એમ પર્યાય ઉપર જોર શું કામ દે છો? પર્યાયના પલટતાં અંશમાં ત્રિકાળી વસ્તુ થોડી આવી જાય છે? ત્રિકાળી ધ્રુવદળ જે નિત્યાનંદ પ્રભુ છે તેના ઉપર જોર દે ને! જ્ઞાનાનંદ સાગરના તરંગો ઊછળે તેના ઉપર જોર ન દે, તરંગોને ન જોતાં આનંદ સાગરના દળ ઉપર જોર દે ને! અનાદિથી ક્ષણિક પર્યાય ઉપર જોર દે છો તે છોડી દે ને ત્રિકાળી ધ્રુવ નિત્ય જ્ઞાયકદળ ઉપર જોર દે અને દૃષ્ટિને થાપ તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાય પ્રગટશે.

**પ્રશ્ન :—ધારણાજ્ઞાનથી આગળ વધાતું નથી તો કોના બળે આગળ વધાય છે?**

ઉત્તર :—દ્રવ્યના બળે આગળ વધાય છે. જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, દ્રવ્યભાવ એના તરફ પહેલાં જોર જવું જોઈએ.

**કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,**
**વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૬.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—આત્મપ્રાપ્તિ માટે ત્યાગ–વૈરાગ્યની મુખ્યતા છે ખરી ?

**સમાધાન** :—પ્રથમ આત્મા કેમ પમાય તેની ભાવના, તત્ત્વવિચાર, સ્વાધ્યાય મુખ્ય હોય છે. ત્યાગ-વૈરાગ્યમાં પણ જેટલો પોતે આત્મા તરફ વળે એટલી અંદરથી વિરક્તિ આવે અને બહારનો રસ ઊતરી જાય. અંતરમાં અમુક પ્રકારે એ બધું હોય છે. પ્રથમ સાચી સમજણને માટે તત્ત્વવિચાર, સ્વાધ્યાય, શ્રવણ-મનન તે હોય છે. ત્યાગ-વૈરાગ્ય તો જેટલો અંતરમાંથી વિભાવનો રસ છૂટે, એટલો હોય. અંતરમાં આત્મા તરફ વળે એટલી વિરક્તિ તો ભૂમિકા પ્રમાણે હોય જ. તેની સાથે સાચી સમજણ માટે સ્વાધ્યાય-વિચાર-મનન બધું હોય છે, પણ અમુક વિરક્તિ તો હોવી જ જોઈએ.

*પ્રશ્ન* :—સત્ સરળ છે, સુગમ છે, સહજ છે, સર્વત્ર તેની પ્રાપ્તિ છે તો અમને એવું કેમ ભાસતું નથી ?

**સમાધાન** :—સત્ આત્માનો સ્વભાવ છે માટે સહજ છે. તેને કાંઈ બહાર ગોતવા જવું પડતું નથી કે માંગવા જવું પડતું નથી કે પર વસ્તુમાંથી આવતું નથી. પોતાનો સ્વભાવ છે માટે સુગમ છે, સહજ છે, સરળ છે. પણ અનાદિના વિભાવના અભ્યાસના કારણે દુર્લભ છે. પોતાનો સ્વભાવ છે માટે સહજ છે. પોતે જ છે, કાંઈ બીજો નથી માટે સહજ છે. પ્રગટ કરે તો અંતર્મુહૂર્તમાં થાય છે, અને ન કરે તો અનંતકાળ જાય છે. પોતાને વિભાવનો અનાદિનો અભ્યાસ છે એટલે પ્રગટતો નથી. બાકી સ્વભાવ પોતાનો છે, પોતામાંથી પ્રગટે છે. બહારથી નથી આવતો. બહાર ક્યાંય શોધવા જવું પડતું નથી. પોતામાં જ ભરેલું છે તે પ્રગટ કરવાનું છે.

*પ્રશ્ન* :—બહારમાં ક્યાંય ન ગમતું હોય તો જ આત્મામાં ગમે એવું ખરું ?

**સમાધાન** :—બહારમાં ન ગમતું હોય તો જ આત્મામાં ગમે. બહારની રુચિ જેને લાગે તેને આત્માની રુચિ લાગે નહિ. આત્માની રુચિ લાગે તેને બહારની રુચિ તૂટી જાય

નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે-જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૭.

છે. બહારમાં રુચિ અને તન્મયતા છે તેને આત્માની લગની નથી, તે આત્મા તરફ જઈ શકતો નથી. અનાદિકાળથી પોતે બહારમાં તન્મય થઈને રહ્યો છે માટે આત્માની લગની લાગી નથી. આત્માની રુચિ લાગે તો જ આત્મામાં જઈ શકાય છે. ઘણા કહે છે ને? કે ક્યાંય ગમતું નથી તો તારા આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર. ત્યાં ગમે તેવું છે. તે તારું રહેવાનું સ્થાન છે, સુખનું ધામ છે. સ્વરૂપને ગ્રહણ કરવાનો પુરુષાર્થ કર, તો તેમાંથી સુખ પ્રગટ થશે. બહાર ન ગમે તો જ અંદરમાં જવાય તેમ છે. બહાર રુચે તેને માટે બહારનો સંસાર ઊભો જ છે.

*પ્રશ્ન :*—અંદરમાં આત્માનું સુખ જોયું નથી તો વિશ્વાસ કઈ રીતે કરાય?

**સમાધાન :**—સુખને જોયું નથી, પણ સુખની ઈચ્છા છે અને બહાર ક્યાંય ચેન પડતું નથી, રુચતું નથી. તો સુખમય એક આત્મપદાર્થ જગતમાં હોવો જોઈએ. તું તારા વિચારથી તેને ગ્રહણ કર, તેમાં જ સુખ છે. જે સુખનું ધામ દેવ-શાસ્ત્ર-ગુરુ બતાવી રહ્યા છે, મુનિઓએ તથા અનંતા તીર્થંકરોએ પ્રગટ કર્યું છે અને બધા મહાપુરુષોએ પણ તે બતાવ્યું છે. માટે તું વિચાર કર તો આત્મામાં જ સુખ લાગશે. અત્યારે તને દેખાતું નથી પણ તત્ત્વનો વિચાર કરીને જો તો તને પણ દેખાશે. તને તારો આત્મા જ અંદરથી જવાબ આપી દેશે. તું જાણનારો અંદર બિરાજે છે એમાં સુખ છે. તું વિચાર કર તો પ્રતીતિ આવ્યા વગર રહેશે નહિ. તે માર્ગે જ અનંતા તીર્થંકરો મોક્ષે ગયા છે અને તેમણે માર્ગ બતાવ્યો છે. તેનો અંતરમાં વિચાર કર, તો વિશ્વાસ આવ્યા વગર રહેશે નહિ.

*પ્રશ્ન :*—રાગ-દ્વેષમાં જીવ ગૂંચવાઈ જાય છે?

**સમાધાન :**—પોતાની રુચિ નથી, રુચિ મંદ છે, એટલે ગૂંચવાઈ જવાય છે. પુરુષાર્થ વધારે કરવો, રુચિ વધારવી. પુરુષાર્થ મંદ થાય તો વારંવાર તેનો અભ્યાસ કરવો. બહારની કોઈ રુચિ લાગે તો તેનો પ્રયત્ન કેમ કર્યા જ કરે છે? બહારની રુચિ હોય અને ગમતું કામ માથે લીધું હોય તો તેની પાછળ પડી કામ કર્યા જ કરે છે. તેમ આની રુચિ લાગે અને પાછળ પડીને વારંવાર પ્રયત્ન કરે તો કાર્ય થાય. પુરુષાર્થ કર્યા વગર થતું નથી.

*પ્રશ્ન :*—ઉતાવળથી આત્માનું કાર્ય ન થાય?

**સમાધાન :**—ખોટી ઉતાવળ કર્યે ન થાય, સ્વભાવ ઓળખે તો થાય. ધીરજથી થાય, પ્રમાદ કરે તો ન થાય. આકુળતા કરવાથી ન થાય, પણ ધીરજથી-શાંતિથી સ્વભાવને ઓળખીને યથાર્થ રીતે વિચાર કરે તો થાય. પુરુષાર્થ કરે, પોતાના સ્વભાવને ગ્રહણ કરે તો થાય.

**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભાગબંધ વિરહિત જીવ જે**
**છું તે જ હું–ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.**

## બાળ વિભાગ

# દૃઢ શ્રદ્ધાની વારિષેણ

સંસારના શ્રેષ્ઠ વૈભવોથી સંપન્ન મગધ દેશમાં રાજગૃહી નગરીમાં સમ્યક્ત્વ-ભૂષણ આદિ અનેક ગુણોથી સંપન્ન નીતિ-નિપુણ શ્રેણિક રાજા રાજ્ય કરતા હતા. તેમની તત્ત્વદૃષ્ટા, સુંદર, બુદ્ધિમાન, શીલવાન, સરળ સ્વભાવી મહારાણી ચેલણા હતી. તેને વારિષેણ નામનો એક મહાધર્મવત્સલ પુત્ર હતો, જે ધ્યાન અને સ્વાધ્યાયમાં હંમેશા લીન રહેતો હતો.

આ રાજગૃહી નગરીમાં એક શ્રીકીર્તિ નામનો રાજશ્રેષ્ઠી નિવાસ કરતો હતો. એક દિવસ તે વનક્રીડા માટે નગરના ઉદ્યાનમાં ગયા હતા. શેઠના ગળામાં એક બહુ મૂલ્યવાન મણિઓનો હાર હતો. ત્યાં મગધસુંદરી નામની ગણિકા તે હાર જોઈને મુગ્ધ થઈ ગઈ. તે હારને પ્રાપ્ત કર્યા વિના પોતાના જીવનને વ્યર્થ સમજવા લાગી. સમસ્ત સંસાર તેને હારમય દેખાવા લાગ્યો. તે ઉદાસ થઈ ઘરે પાછી ફરી.

જ્યારે રાત્રિમાં તે ગણિકાનો પ્રેમી વિદ્યુતચોર તેની પાસે આવ્યો તો પ્રેમિકાને ઉદાસ જોઈને પ્રેમથી પૂછવા લાગ્યો—''પ્રિયે ! આટલી ઉદાસ કેમ છે ? શું કોઈએ કાંઈ કીધું છે ? મારાથી તારી આ ઉદાસી જોઈ જાતી નથી.''

ગણિકા કટાક્ષ કરતી બોલી—''હવે જોયો તારો પ્રેમ; હું તો તને સાચો પ્રેમી ત્યારે માનીશ કે જ્યારે મારી પ્રિય વસ્તુ લાવીને મને લાવીને આપીશ.'' આજ મેં શ્રીધર શેઠના ગળામાં એક સુંદર હાર જોયો છે. તમારા જેવા પ્રાણવલ્લભના રહેતા જો હું તે હાર પ્રાપ્ત ન કરી શકી તો મારું જીવન વ્યર્થ છે. હું ત્યારે જ અન્ન-જળ ગ્રહણ કરીશ જ્યારે મને તે હાર મળી જાય.'' આ પ્રમાણે વિદ્યુતચોરને પોતાની જાળમાં ફસાવી લીધો.

''વેશ્યા વિષવૃક્ષની જેમ વ્યક્તિને મૂર્છિત કરી દે છે. તે જળોની જેમ વ્યક્તિનું જ્ઞાન અને ધન ચૂસી લે છે અને તેનું સર્વસ્વ લૂટીને તેને છોડી દે છે. વેશ્યાના કટાક્ષબાણ જીવને ઘાયલ કરી દે છે. તેના બનાવટી પ્રેમમાં પાગલ થઈને પ્રાણી બધું જ અનર્થ કરવા માટે તૈયાર થઈ જાય છે.

પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;
અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.

મગધસુંદરીની આ મુશ્કેલ પ્રતિજ્ઞાને જાણીને વિદ્યુતચોર હતપ્રભ થઈ ગયો. તે કામાંધ થઈને હાર ચોરવા તત્પર થયો. પોતાના જીવનનું બધું ભૂલીને પ્રેમિકાના પ્રેમપાશમાં બંધાઈને શેઠના મહેલમાં ઘૂસ્યો અને પોતાની કાર્યકુશળતાથી તે દિવ્ય હાર ચોરીને ત્યાંથી ભાગ્યો પણ તે હારનો પ્રકાશ છુપાયો નહીં અને સિપાહીઓએ તેને જોઈ લીધો અને તેને પકડવા તેની પાછળ દોડ્યા. વિદ્યુતચોર ભાગતો-ભાગતો સ્મશાન તરફ વળી ગયો તે સમયે રાજા શ્રેણિકનો પુત્ર વારિષેણ કાયોત્સર્ગપૂર્વક સ્મશાનમાં ધ્યાનસ્થ હતા અને મોકો જોઈને હારને વારિષેણની પાસે નાખી દીધો અને પોતે ત્યાંથી ભાગી ગયો.

એટલામાં સિપાહીઓ આવી પહોંચ્યા અને વારિષેણને હારની પાસે ધ્યાનસ્થ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને હસીને મજાક ઉડાવતા બોલ્યા—

‘‘વાહ ! ચાલ તો બહુ જ સરસ ચાલી, ધ્યાનમાં બેઠેલા જોઈને અમે તને ધર્માત્મા અને નિર્દોષ માનીને છોડી દઈશું. એ ધૂર્ત ! ધર્માત્મા થઈને આવું નીચ કાર્ય કરે છે. ચાલ, રાજદરબારમાં; ત્યાં તને સ્વયં તારા કરેલા કાર્યની સજા મળશે.’’

સિપાહીઓએ તરત જ તેને બાંધી દીધો અને રાજદરબાર તરફ ચાલી નિકળ્યા.

(૨)

‘‘પાપના ઉદયમાં ક્યારેક નિરપરાધી જ્ઞાનીઓને પણ ઘોર અપમાનનો સામનો કરવો પડતો હોય છે. પરંતુ તેમનું હૃદય સ્ફટિક સમાન નિર્મળ હોય છે, અશુભકર્મનો ઉદય તેમના જીવનમાં કલંકની કાલિમાને લપેટવા ચાહે છે.’’

ન્યાય પિતા-પુત્રને જોતા નથી. પોતાના પુત્ર વારિષેણની આ ઘટનાને સાંભળીને મહારાજા શ્રેણિકના હૃદય ક્રોધથી કંપાયમાન થઈ ગયું, આંખમાંથી ક્રોધાગ્નિના તણખા ઝરવા લાગ્યા. તે સિંહ સમાન ગર્જના કરીને બોલ્યા—


‘‘અરે દુષ્ટ, પાપી, કુળકલંક, ધર્માત્મા અને ધ્યાનીનો ઢોંગ કરીને લોકોને ઠગે છે. જોઈ લીધું, તારા ધર્મનું પાખંડ. જેને હું સિંહાસન ઉપર બેસાડીને રાજ-રાજેશ્વર બનાવવા માંગતો હતો, તું કુળકલંક એવો નીચ નીકળ્યો, તને જોવો પણ મને દુઃખદાયક લાગે છે. અરે ! આ દુરાચારીને અહીંથી લઈ જઈને તેના ટુકડા-ટુકડા કરી નાખો.’’

પોતાના પુત્ર માટે એવી કઠોર આજ્ઞા સાંભળીને પ્રજા ભયથી કાંપવા લાગી, બધાની

મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,
પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.

આંખો આંસુથી ભરાઈ ગઈ. પરંતુ કોઈનું સાહસ ન થયું કે રાજાની વાતનો પ્રતિકાર કરી શકે. આવો દંડ સાંભળીને અન્યાયીઓના કાળજા કાંપી ઉઠ્યા અને મનમાં જ આવું કૃત્ય છોડવાની પ્રતિજ્ઞા કરી.

જલ્લાદ તે જ સમયે નિરપરાધી વારિષેણને વધસ્થળ પર લઈ ગયા. રાજપુત્રને લઈ જાતે સમયે તેમના હાથ કાંપી રહ્યા હતા. અરે ! જ્યાં પુત્રને માટે પિતાની આવી કઠોર આજ્ઞા હોય ત્યાં અન્ય લોકોની તો શી વાત ? અરે ! રાજકુમારની રક્ષા કોણ કરશે ? પરંતુ રાજકુમાર વારિષેણને તો એક અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યતત્ત્વ જ શરણ હતું અને તેમનું પુણ્ય જ તેનું રક્ષક. નિર્જનવન, સ્મશાન, શત્રુ, જળ, અગ્નિ, પર્વત સાદિ અનેક વિષમ પરિસ્થિતિઓમાં માત્ર પુણ્ય જ જીવની રક્ષા કરે છે. ''પુણ્યના પ્રતાપથી પ્રતિકૂળ સામગ્રી પણ અનુકૂળ પરિણમન કરી દે છે. હળાહળ વિષ પણ અમૃતસમાન થઈ જાય છે, અગ્નિ શીતળ જળરૂપ થઈ જાય છે અને તલવારનો ઘા ફૂલની માળા બની જાય છે.



જલ્લાદોનું હૃદય પણ રાજપુત્ર પર વાર કરવા માટે કંપી રહ્યું હતું, પણ તેઓ રાજાની આજ્ઞા પાળવા માટે મજબૂર હતા. તેમણે જેવો જ ખડગ કાઢીને વારિષેણની ગર્દન પર વાર કર્યો કે ત્યારે વારિષેણને એમ લાગ્યું કે મારા ગળામાં ફૂલની માળા નાખી દીધી. ઘણીવાર તલવારોના પ્રહાર કરવા છતાં તેના ગળાને કંઈ થયું નહીં અને અને ખડગનો પ્રહાર પુષ્પની માળા બની ગયા. આ જોઈને જલ્લાદ આશ્ચર્યચકિત થઈ ગયા. દેવ ધર્મની પ્રભાવના જોઈને જય-જયકાર કરતા થકા પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. સંપૂર્ણ જનસમૂહ વારિષેણને નિરપરાધ જાણીને અને ધર્મનો પ્રભાવ જોઈને જય-જયકાર કરવા લાગ્યા. વિજળીના વેગની જેમ આ સમાચાર આખા મગધમાં સમાચાર ફેલાઈ ગયા. પ્રજાજનના મુખકમળ પ્રસન્નતાથી ખીલી ઉઠ્યા. આ બધું જોઈને વારિષેણ વિચાર કરવા લાગ્યા–

પુણ્ય-પાપ ફલમાંહિ હરખ-બિલખૌ મત ભાઈ,<br>
યહ પુદ્‌ગલ પર્યાય ઉપજી-વિનસે ફિર થાઈ.

(ક્રમશઃ) ❋

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !<br>
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૯મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ✻ પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ ✻

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાંવત્સરિક ઉપકાર સ્મૃતિદિન, વૈશાખ સુદ ૧૪ તા. ૨૨-૫-૨૦૨૪ થી વૈશાખ વદ ૩, તા. ૨૬-૫-૨૦૨૪ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### ✻ શ્રી સમવસરણ મંદિરનો ૮૩મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ ✻

વૈશાખ વદ ૬ તા. ૨૯-૫-૨૦૨૪, બુધવારના રોજ સોનગઢ શ્રી સમવસરણ મંદિર પ્રતિષ્ઠાનો ૮૩મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

### ✻ શ્રી સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન તથા સમયસાર સ્થાપનાનો વાર્ષિક દિવસ ✻

વૈશાખ વદ ૮ તા. ૩૧-૫-૨૦૨૪, શુક્રવારના રોજ શ્રી સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન તથા સમયસાર સ્થાપનાનો ૮૭મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ – ૨૦૨૪ના ઉત્તર

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ધર્મ | (૬) | અનંત | (૧૧) | જૈન | (૧૬) | પ્રભુતા (પૂજા) |
| (૨) | અહિંસા | (૭) | નિશ્ચય | (૧૨) | સમ્યક્‌દર્શન | (૧૭) | ૧૧ |
| (૩) | સ્વરૂપ | (૮) | નિશંક | (૧૩) | ઉત્તમ | (૧૮) | દુઃખ |
| (૪) | મોક્ષ | (૯) | અજ્ઞાની | (૧૪) | મધ્યમ | (૧૯) | ઉમા |
| (૫) | અસંખ્ય | (૧૦) | અરિહંત | (૧૫) | તેરમું અને ચૌદમું | (૨૦) | બહિરાત્મા |

**શ્રી અમરેલી, ચિત્તલ, સાવરકુંડલા, કાનાતળાવ, લાઠી, મોટા આંકડિયા દિગંબર જૈન મુમુક્ષુ મંડળ (મુખ્ય સંયોજક દિનેશચંદ્ર દામોદરદાસ મહેતા) તથા સ્થાયી પુરસ્કર્તાઓ દ્વારા**

## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૨મો સમ્યક્ત્વ જયંતી મહોત્સવ સાનંદ સંપન્ન

૯૨મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૩૧-૩-૨૦૨૪ થી ૪-૪-૨૦૨૪ સુધી ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

*** ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ***

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો—ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી ચોસઠ ઋદ્ધિ પૂજન વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર' ઉપર સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી પંચાસ્તિકાય સંગ્રહ ઉપર સીડી પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ તથા સાંજી-ભક્તિ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આમ દૈનિક ક્રમ ચાલતો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પ્રથમ દિન આરાધનાની દેવી, બીજા દિવસે પરમાગમમંદિર પ્રતિષ્ઠાની ફિલ્મ તથા ધાર્મિક ક્વીઝ, ત્રીજા દિવસે જંબૂદ્વીપ-બાહુબલી પ્રતિષ્ઠા મહોત્સવના અંશો તથા ચોથા દિવસે હું સોનગઢ છું દર્શાવવામાં આવેલ હતા. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

*** પૂજ્ય બહેનશ્રીની વધાઈ ***

તા. ૪-૪-૨૦૨૪ને ગુરુવારના દિવસે મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન બાદ પ્રાસંગિક જાહેરાતો, આભારવિધિ તથા વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર મુમુક્ષુ સંઘ દ્વારા ઉજવવામાં આવનાર આગામી પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩૫મી જન્મજયંતીનું આગોતરું આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું ત્યારબાદ ત્યારબાદ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વિશેષ કાર્યક્રમમાં બધા મુમુક્ષુ ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે ભજન મંડળીએ મધુર ભક્તિ-ગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું. આયોજક દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરવામાં આવી હતી. આ સર્વ મંડળોનો ઉત્સાહ તથા આયોજન સરાહનીય હતું. આ બધા નાના મંડળોને એકસાથે લાવવામાં (કોઓર્ડિનેટર તરીકે) શ્રી અશોકભાઈ વાધરની ભૂમિકા પ્રશંસનીય રહી છે.

---

**પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩૫મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન**

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૩૫મી જન્મજયંતી મહોત્સવ કે જે વર્ધમાન-સુરેન્દ્ર-લીંબડી-જોરાવરનગર મુમુક્ષુ સંઘ દ્વારા ઊજવવામાં આવનાર છે તે મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૨૧-૪-૨૦૨૪, રવિવાર મહાવીર જયંતિના મંગલ દિવસે સાનંદ સંપન્ન થઈ હતી. સવારે પરમાગમમંદિરમાં પૂજન બાદ બધા મુમુક્ષુઓ શ્રીમતી સોનલબેન પરેશભાઈ શાહના નિવાસસ્થાન કહાનનગરમાં ગયા અને ત્યાં પત્રિકાની વધાઈ સાથે ભક્તિ કરવામાં આવી ત્યારબાદ પત્રિકાને વાજતે-ગાજતે સ્ટાર ઑફ ઈન્ડિયા લઈ જવામાં આવી હતી. ત્યાં પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન અને પ્રાસંગિક જાહેરાતો થઈ ત્યારબાદ આયોજક મંડળ વતી શ્રી પરેશભાઈ છબીલભાઈ શાહ દ્વારા પત્રિકાનું ભાવપૂર્ણ વાંચન કરવામાં આવ્યું પછી પત્રિકા લેખનવિધિ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભજનમંડળીની ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ હતી.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન તથા ઉત્તર

પ્રશ્ન-૩૦ : કોઈ ત્યાગી હોય પણ મિથ્યાદૃષ્ટિ હોય તેને વધારે પાપ કે લડાઈમાં ઉભેલા સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને વધારે પાપ ?

ઉત્તર : મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનું અનંત પાપ ક્ષણે ક્ષણે લાગે છે અને સમ્યગ્દૃષ્ટિને લડાઈ વખતે પણ તે અનંત પાપ તો ટળી જ ગયું છે તેથી તે બેમાંથી મિથ્યાદૃષ્ટિને જ વધારે પાપ છે. મિથ્યાદૃષ્ટિને સાચું મુનિપણું હોય નહિ.

પ્રશ્ન-૩૧ : જીવ અરૂપી છે અને ધર્મ-અધર્મ આકાશ-કાળ દ્રવ્યો પણ અરૂપી છે તો પછી તેમને જીવ કેમ ન કહેવાય ?

ઉત્તર : જીવ અરૂપી છે એ ખરૂ, પરંતુ જીવનું લક્ષણ અરૂપીપણું નથી, જીવનું લક્ષણ તો ચેતના છે, બીજા ચાર અરૂપી દ્રવ્યોમાં ચેતના નથી માટે તે જીવ નથી.

પ્રશ્ન-૩૨ : 'કાગળમાં અક્ષર લખાણા' ત્યાં કાગળમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થયું કે નહીં ? કઈ રીતે ?

ઉત્તર : ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય તો બધી વસ્તુમાં હોય જ છે. કાગળમાં જ્યારે અક્ષર લખાણા ત્યારે તેમાં લખાણરૂપ દશાની ઉત્પત્તિ થઈ, કોરી દશાનો વ્યય થયો અને કાગળપણે ધ્રૌવ્ય ટકી રહ્યો છે. આ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય થયા છે.

પ્રશ્ન-૩૩ : છ દ્રવ્યના લક્ષણ શું ? છએ દ્રવ્યોના લક્ષણ જુદા-જુદા શા માટે ?

ઉત્તર : જીવનું લક્ષણ ચેતના, પુદ્ગલનું લક્ષણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અર્થાત્ રૂપીપણું, ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિમાં નિમિત્ત થવું તે, અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિર થવામાં નિમિત્ત થવું તે, આકાશ દ્રવ્યનું લક્ષણ બધાને જગ્યા આપવી તે અને કાળ દ્રવ્યનું લક્ષણ પરિણમનમાં નિમિત્ત થવું તે છે. છએ દ્રવ્યો જુદા જુદા હોવાથી તે છએના લક્ષણ પણ જુદા-જુદા છે. જુદી જુદી વસ્તુનું લક્ષણ જુદું જુદું જ હોય. લક્ષણની ભિન્નતા વગર વસ્તુની ભિન્નતા ઓળખી શકાય નહિ.

પ્રશ્ન-૩૪ : કાળ દ્રવ્યની સંખ્યા કેટલી છે અને તે કઈ રીતે રહે છે ? તથા કાળ દ્રવ્યના કેટલા ભેદ છે ?

ઉત્તર : લોકાકાશ જેટલા અસંખ્ય પ્રદેશો છે તેટલા જ કાળ દ્રવ્યો છે અને લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર એકેક કાળ દ્રવ્ય રહેલ છે. કાળ દ્રવ્યના બે ભેદ છે, કાળ દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે અને સમય, આવલિ, મુહૂર્ત, દિવસ વગેરે કાળ દ્રવ્યના પર્યાયોને વ્યવહારકાળ કહે છે. કાળ દ્રવ્ય અરૂપી છે.

પ્રશ્ન-૩૫ : અસ્તિત્વગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય હોય કે નહિ ?

ઉત્તર : હોય, નવી પર્યાયરૂપે અસ્તિત્વનો ઉત્પાદ, જુની પર્યાયરૂપે અસ્તિત્વનો વ્યય અને અસ્તિત્વગુણનું સળંગ ધ્રૌવ્યપણે ટકી રહેવું—આ રીતે અસ્તિત્વગુણમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય છે.

પ્રશ્ન-૩૬ : કોઈએ તમને મોક્ષના બે રસ્તા બતાવ્યા, એક બલુન અને બીજું સલુન, તમે ક્યો રસ્તો પસંદ કરશો ?

ઉત્તર : મોક્ષનો સાચો માર્ગ એક જ પ્રકારનો છે અને તે આત્મામાં જ છે, મોક્ષનો માર્ગ બહારની કોઈ વસ્તુમાં—બલુનમાં કે સલુનમાં—ક્યાંય નથી. બહારના કોઈ સાધનથી જે મોક્ષનો માર્ગ બતાવે તે અજ્ઞાની છે. અમે તો આત્માશ્રિત મોક્ષમાર્ગને જ પસંદ કરશું.

મોક્ષ કોઈ બહારના ક્ષેત્રમાં નથી તેથી મોક્ષ માટે બહારના સાધનની જરૂર નથી. મોક્ષ તો આત્મામાં જ થાય છે. તેથી સમ્યક્ત્વરૂપી સલુન અને ચારિત્રરૂપી બલુન એ જ મોક્ષનો માર્ગ છે.

પ્રશ્ન-૩૭ : પરમાણુના જથ્થાને સ્કંધ કહેવાય છે તો પછી સ્કંધના જથ્થાને શું કહેવાય ?

ઉત્તર : સ્કંધના જથ્થાને પણ સ્કંધ કહેવાય છે.

પ્રશ્ન-૩૮ : છ દ્રવ્યો છે તેમાંથી અરૂપી કેટલા અને જડ કેટલા ? અરૂપી અને જડમાં શું ફેર ? તે ફેર ક્યાં પડ્યો ?

ઉત્તર : છ દ્રવ્યોમાં પુદ્‌ગલ સિવાયના પાંચ દ્રવ્યો અરૂપી છે અને જીવ સિવાયના પાંચ દ્રવ્યો જડ છે, અરૂપી એટલે વર્ણ-ગંધ-રસ-સ્પર્શ જેમાં ન હોય તે, અને જડ એટલે જેમાં જ્ઞાન ન હોય તે, જીવ દ્રવ્ય અરૂપી છે પણ જડ નથી, પુદ્‌ગલ દ્રવ્ય જડ છે પણ અરૂપી નથી, અન્ય ચારે દ્રવ્યો જડ અને અરૂપી છે.

પ્રશ્ન-૩૯ : અરિહંત પ્રભુને કેટલા પ્રતિજીવી ગુણો પ્રગટ્યા હોય ?—શા માટે ?

ઉત્તર : અરિહંત પ્રભુને એકેય પ્રતિજીવી ગુણો પ્રગટ્યા હોય નહિ કેમકે તેમને હજી ચાર અઘાતિ કર્મનો સદ્‌ભાવ છે, પ્રતિજીવી ગુણ તો સર્વ કર્મના નાશથી સિદ્ધપ્રભુને પ્રગટે છે. જેમકે નામકર્મના અભાવથી સૂક્ષ્મત્વ, ગોત્રકર્મના અભાવથી અગુરુલઘુત્વ, આયુકર્મના અભાવથી અવગાહનત્વ અને વેદનીયના અભાવથી અવ્યાબાધત્વ પ્રગટે છે.

પ્રશ્ન-૪૦ : જ્ઞાન અને ચેતનામાં શું ફેર ?

ઉત્તર : જ્ઞાન તે ચેતનાનો એક ભાગ છે. ચેતનાના બે પ્રકાર છે—એક દર્શન અને બીજો જ્ઞાન. ‘જ્ઞાન’ કહેતાં એકલું જ્ઞાન ખ્યાલમાં આવે છે, જ્યારે ‘ચેતના’ કહેતાં તેમાં જ્ઞાન-દર્શન બંને આવી જાય છે.

પ્રશ્ન-૪૧ : અસ્તિત્વ અને ધ્રૌવ્યમાં શું ફેર છે ?

ઉત્તર : અસ્તિત્વમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણે આવી જાય છે અને ‘ધ્રૌવ્ય’ કહેતાં તેમાં ઉત્પાદ-વ્યય આવતા નથી.

પ્રશ્ન-૪૨ : સ્વભાવનો નાશ થાય છે કે નહિ ? શા માટે ?

ઉત્તર : જે વસ્તુનો જે સ્વભાવ હોય તેનો કદી નાશ થાય નહિ. જો સ્વભાવનો નાશ થાય તો વસ્તુનો જ નાશ થાય, કેમકે વસ્તુ અને વસ્તુનો સ્વભાવ જુદા નથી. જેમકે જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે, જો જ્ઞાનનો નાશ થાય તો આત્માનો જ નાશ થાય, કેમકે જ્ઞાન અને આત્મા જુદા નથી.

## (૧૨૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ચોથી ઢાળમાંથી મળશે.)

(૧) ચોથી ઢાળમાં સમ્યક્જ્ઞાનની ........... તથા દેશ ........... નો ઉપદેશ છે.

(૨) સમ્યક્જ્ઞાન .............. ને પ્રકાશવા માટે ............. સમાન છે.

(૩) સમ્યક્દર્શન અને .............. સાથે જ થાય છે.

(૪) ................ થતા જ્ઞાનની આરાધના પૂરી થાય છે.

(૫) જે સ્વ-પરને ............ અને ............ ને સાધે તેને સાચું ............ કહે છે.

(૬) ............. મય વસ્તુ સ્વભાવની ઉપાસના તેને ............. માર્ગ કહે છે.

(૭) અનેકાંતમય મૂર્તિ સદા પ્રકાશમાન રહો એમ .............. ના બીજા કળશમાં કહ્યું છે.

(૮) વસ્તુના ........... ........... તે જ પદાર્થના ધર્મો છે.

(૯) આત્મ વસ્તુમાં ............ અને ............ નું સામર્થ્ય છે.

(૧૦) મોક્ષને પામવા માટે સમ્યક્ ......... ........... ......... નું સેવન કરવું.

(૧૧) વસ્તુના ધર્મો .............. ની અપેક્ષા રાખતા નથી.

(૧૨) ............. વગર મોક્ષ ન થાય.

(૧૩) રાગથી જુદું એવું ............. જ રાગને જાણે છે.

(૧૪) રાગ અને ............ નો સ્વભાવ તદ્દન .......... છે.

(૧૫) સમ્યગ્દર્શન વગર .............. દશા હોય નહીં.

(૧૬) ............ આચરણ તે .............. નું કારણ છે.

(૧૭) જીવ અનાદિકાળથી .............. ને કારણે સંસાર દુઃખ ભોગવી રહ્યો છે.

(૧૮) જીવને માટે ............ની પ્રાપ્તિ અપૂર્વ છે.

(૧૯) સમ્યક્દર્શનની પ્રાપ્તિ ............... માંથી થાય છે.

(૨૦) જીવને ............ થતા તે મોક્ષના માર્ગમાં ચાલવા માંડ્યો.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● વિકારથી નિવૃત્ત થયા વિના સાચી નિવૃત્તિ કેવી ? અને સ્વરૂપમાં પ્રવૃત્ત થયા વિના સાચી પ્રવૃત્તિ કેવી ? ૬૨૮.

● સર્વજ્ઞસ્વભાવમાં ગયા વિના, અલ્પજ્ઞપર્યાયમાં સર્વજ્ઞનો સ્વીકાર થાય નહીં. ૬૨૯.

● જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન જ નથી, પણ અજ્ઞાન છે. ૬૩૦.

● પ્રશ્ન :—શરીરમાં રોગ હોય, ખાટલામાં સૂઈ રહેવું પડે ત્યાં ધર્મ કેમ થાય ?

ઉત્તર :—કોણ સૂતો છે ? આત્મા સદાય અસંયોગી—અરૂપી જ્ઞાનઘન છે તે શરીરાદિમાં નથી, શરીરને કારણે નથી. શરીર ભલે સૂતું હોય, અંદર નિત્ય પરના અભાવપણે જાગ્રત ચૈતન્ય જ્યોતપણે છે તે સૂતો નથી. સ્વથી સત્ છે તે પરથી નથી એ અનેકાંત સર્વાંગ નિ:શંકતામાં કેટલી શાંતિ ! મારું ટકવું પરથી નથી માટે પરનું ગમે તે થાય, પર સામે જોવાનું ન રહ્યું, મકાન, શરીરાદિનું ધ્યાન ન રાખું તો પડી જશે એ જોવાનું ન રહ્યું. શરીર શરીરના કારણે છે, મારા કારણે નથી. ચિંતા વ્યર્થ છે. આવો સ્વતંત્ર સત્તાનો વિશ્વાસ જે કરતો નથી તે રખડે છે. ૬૩૧.

● જ્ઞેયોની આકૃતિનું સ્મરણ થતાં 'આવું ન જોઈએ' એમ જ્ઞેયનો તિરસ્કાર કરતા પોતાના જ્ઞાન પર્યાયસ્વભાવનો અને જ્ઞાનવાન આત્માનો નિષેધ થઈ જાય છે તેની અજ્ઞાનીને ખબર નથી. ૬૩૨.

● વર્તમાન સંયોગને જોનાર સ્વને ચૂકે છે તેથી દુ:ખી થાય છે. સંયોગના કારણે કોઈ દુ:ખી—સુખી નથી. ૬૩૩.

● જ્ઞાન સંયમ આત્માશ્રિત છે, પરાશ્રિત નથી એમ માની જ્ઞાની નિત્ય સહજ જ્ઞાનના પુંજમાં સ્વાવલંબનથી ટકે છે. ૬૩૪.

● ભગવાન આત્મા સદા અંતર્મુખ છે. અતિ અપૂર્વ, નિરંજન અને નિજ-બોધના આધારભૂત એવો કારણ પરમાત્મા છે, તેને સર્વથા અંતર્મુખ સહજ અવલોકન વડે જે મુનિઓ અવલોકે છે તેને ભગવાન સંવર કહે છે. ૬૩૫.

આત્મધર્મ
મે-૨૦૨૪
અંક-૯ ● વર્ષ-૧૮

Posted at Songadh PO
Publish on 1-05-2024
Posted on 1-05-2024

Registered Regn. No. BVR-367/2024-2026
Renewed upto 31-12-2026
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org